# આત્મધર્મ

## વર્ષ ૨૫

## સળંગ અંક ૨૮૯

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

રજતજયંતિનું વર્ષ

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૯

## સુખધામ

સુખધામ અનંત સુસંત ચહી,<br>
દિનરાત રહે તદ્ધ્યાન મહીં;<br>
પ્રશાંત અનંત સુધામય જે,<br>
પ્રણમું પદ તે વરતે જય તે.


(અનંત સુખધામ એવા ચૈતન્યપદની આરાધના વડે આ વર્ષ સર્વ જીવોને આનંદકારી હો.)

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૪ કારતક (લવાજમઃચાર રૂપિયા) વર્ષ ૨૫ઃ અંક ૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# નુતન વર્ષાભિનંદન




પૂજ્ય સન્તજનોનાં મંગલઆશીર્વાદથી આ વર્ષ આપણા માટે
આરાધનાનું વર્ષ હો...એવી ઉત્તમભાવના સાથે
સર્વે સાધર્મીઓને ભાવભીનાં અભિનંદન !

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

રજતજયંતિનું વર્ષ

વર્ષ ૨૫ અંક ૧

વીર સંવત ૨૪૯૪ કારતક

( વાર્ષિક લવાજમ ચાર રૂપિયા )

# મહાવીર પ્રભુના માર્ગે

મહાવીરપ્રભુના નિર્વાણોત્સવને ચાર–પાંચ દિવસની વાર હતી ત્યારે જિનમંદિરમાં ભાવભીની ભક્તિ ગવાતી હતી કે ‘મહાવીરા! તેરી ધૂનમેં આનંદ આ રહા હૈ...’ સંતોને મહાવીરપ્રભુની ધૂનમાં આનંદ આવે છે–કેમકે મહાવીરનો માર્ગ તેમણે જોયો છે, ને એ વીરમાર્ગે તેઓ જઇ રહ્યા છે...એ માર્ગ આનંદકારી છે.

તે વખતે એમ થયું કે હે વીરનાથ! આપ તો આ ભરતક્ષેત્રને સૂનું સૂનું મૂકીને સિદ્ધાલયમાં પધારી ગયા...અમે તો આપને જોયા ય નથી...ત્યારે વીરનાથની પ્રતિમામાંથી જાણે ધ્વનિ ઊઠતો હોય કે હે ભવ્ય! મારો માર્ગ ભરતક્ષેત્રમાં અત્યારે પણ જીવંત છે, ને એ માર્ગ દેખાડનારા સાધકો પણ વિદ્યમાન છે, અહા, આજ અઢી હજાર વર્ષે પણ વીરનાથનો જીવંતમાર્ગ અને તે માર્ગે દોરી જનારા સન્તો, –એમને દેખીને આનંદ થાય છે.

હે વીરપ્રભો! આપના મોક્ષગમન પછી પણ આપ જે માર્ગ દેખાડી ગયા તે માર્ગે થોડાજ વખતમાં ગૌતમસ્વામી આપની પાસે મોક્ષમાં આવ્યા, પછી તો સુધર્મસ્વામી ને જંબુસ્વામી પણ એ જ માર્ગે આવ્યા, શ્રીધરસ્વામી વગેરે પણ એ જ માર્ગે સિદ્ધાલયમાં આવ્યા.... ભદ્રબાહુસ્વામી ને ધરસેનસ્વામી, કુંદકુંદસ્વામી ને વીરસેનસ્વામી, સમન્તભદ્રસ્વામી ને અમૃતચંદ્રસ્વામી વગેરે ઘણાય મુનિવરો પણ આપના જ માર્ગે ઝડપભેર આવી રહ્યા છે...અમારા ગુરુ વગેરે અનેક સંતો પણ આત્મશ્રદ્ધાના બળે આપના માર્ગે આવી રહ્યા છે...ને તેમની સાથે સાથે અમને પણ આપના જ માર્ગે દોરી રહ્યા છે...અમારા માટે આ મહાન આનંદની વાત છે. અને અમે રોજ ભાવના ભાવીએ છીએ કે–

‘પ્રભુજી! તારા પગલે પગલે મારે આવવું રે.......’:

# બેસતા વર્ષની બોણી

## સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ વીતરાગતા જયવંત વર્તો

卐 स्वस्ति साक्षात्मोक्षमार्गसारत्वेन शास्त्रतात्पर्यभूताय वीतरागत्वायेति 卐

**આવો મોક્ષમાર્ગ દેખાડનારા ભગવંતોને નમસ્કાર હો,**

**શ્રી પંચાસ્તિકાયની ૧૭૨ મી ગાથામાં ‘स्वस्ति साक्षात् मोक्षमार्ग..” એમ કહીને વીતરાગી મોક્ષમાર્ગ પ્રત્યેના પ્રમોદપૂર્વક આચાર્યદેવ આશીર્વાદ આપે છે કે હે ભવ્યજીવો! મહાવીર ભગવાને વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ વડે મોક્ષને સાધ્યો, ને તમે પણ એ જ માર્ગને આરાધો. -મોક્ષમાર્ગનો આવો મંગલ સન્દેશ ગુરુદેવે બેસતાવર્ષની બોણીમાં આપ્યો.**

વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવી તે મોક્ષનો ખરો ઉત્સવ છે. ભગવાનના મોક્ષનો ઉત્સવ કોણ ઉજવે? જે મોક્ષાર્થી હોય તે; તે મોક્ષાર્થી

જીવ કઈ રીતે નિર્વાણ પામે છે? સાક્ષાત્ મોક્ષનો અભિલાષી

ભવ્યજીવ અત્યંત વીતરાગતા વડે ભવસાગરને તરી જઈને, શુદ્ધસ્વરૂપ પરમ અમૃતસમુદ્રને અવગાહીને શીઘ્ર નિર્વાણને પામે છે.

જાુઓ, આજે ભગવાનના નિર્વાણના દિવસે નિર્વાણ પામવાની વાત આવી છે. ભગવાન મહાવીર મોક્ષાર્થી થઈને ચિદાનંદ સ્વરૂપનું ભાન કરીને તેમાં લીનતા વડે વીતરાગ થયા, એ રીતે રાગદ્વેષમોહરૂપ ભવસાગરથી પાર થઈને, પરમ આનંદના સાગર એવા પોતાના

શુદ્ધસ્વરૂપમાં નિમગ્ન થઈને નિર્વાણ પામ્યા; ને નિર્વાણનો આવો જ માર્ગ ભગવાને ભવ્યજીવોને બતાવ્યો; હે ભવ્ય જીવો! સાક્ષાત્ વીતરાગતા જ મોક્ષમાર્ગ છે, તેના વડે જ મોક્ષેચ્છુ ભવ્યજીવો ભવસાગરને તરીને નિર્વાણને પામે છે–

**-તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે, (પંચા૦ ૧૭૨)**

આખા શાસ્ત્રનું એટલે કે જૈનશાસનનું તાત્પર્ય આચાર્યભગવાને આ સૂત્રમાં બતાવ્યું છે. ભવ્યજીવો કઈ રીતે ભવસાગરને તરે છે? –કે વીતરાગતા વડે; બસ! વીતરાગતા તે જ સમસ્ત શાસ્ત્રનું તાત્પર્ય છે, તે જ શાસ્ત્રનું હાર્દ છે. કયાંય પણ જરીકેય રાગ રાખીને તરાતું નથી પણ સઘળી વસ્તુ પ્રત્યેના સમસ્ત રાગને છોડીને, અત્યંત વીતરાગ થઈને ચૈતન્યસ્વરૂપમાં લીનતાવડે જ ભવસાગરને તરાય છે.

‘વિસ્તારથી બસ થાઓ ! આચાર્યદેવ કહે છે કે વધારે શું કહીએ ? બધાય તીર્થંકરભગવંતો આવા વીતરાગી મોક્ષમાર્ગરૂપ ઉપાયવડે જ ભવસાગરને તર્યા છે, ને તેઓએ બીજા મુમુક્ષુ જીવોને પણ એ વીતરાગતાનો જ ઉપદેશ આપ્યો છે. આમ કહીને આવા સાક્ષાત્ મોક્ષમાર્ગ પ્રત્યેના પ્રમોદથી આચાર્યદેવ કહે છે કે અહો ! જયવંત વર્તો વીતરાગપણું....કે જે સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર હોવાથી શાસ્ત્રના તાત્પર્યભૂત છે, સાક્ષાત્ મોક્ષમાર્ગના સારરૂપ વીતરાગતા જયવંત વર્તો ! આવો મોક્ષમાર્ગ જયવંત વર્તો ! ને તેના વડે થયેલી આત્મઉપલબ્ધિ જયવંત વર્તો.

આ પ્રમાણે વીતરાગી સન્તોએ વીતરાગતાના જયજયકાર કરીને વીતરાગભાવને મોક્ષમાર્ગ તરીકે પ્રસિદ્ધ કર્યો છે. બધાય તીર્થંકર ભગવંતોએ આ જ રીતે મોક્ષને સાધ્યો, અને આ જ રીતે તેનો ઉપદેશ કર્યો; માટે નક્કી થાય છે કે આ જ એક નિર્વાણનો માર્ગ છે, બીજો કોઈ નિર્વાણનો માર્ગ નથી. આ રીતે નિર્વાણનો માર્ગ નક્કી કરીને આચાર્યદેવ કહે છે કે બસ, હવે બીજા પ્રલાપથી બસ થાઓ, મારી મતિ વ્યવસ્થિત થઈ છે, મોક્ષમાર્ગનું કાર્ય સધાય છે. આવો મોક્ષમાર્ગ દર્શાવનારા ભગવંતોને નમસ્કાર હો–

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી નિર્વૃત થયા, નમું તેમને. ( પ્રવ૦ ૮૨ )**

અહા, સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે આ વીતરાગતાને જ જયવંત કહીને આચાર્યદેવે કમાલ કરી છે. સાક્ષાત્ મોક્ષમાર્ગ એટલે સીધો મોક્ષમાર્ગ, ખરો મોક્ષમાર્ગ તો વીતરાગતા જ છે, એટલે કે મોક્ષમાર્ગમાં પહેલેથી છેલ્લે સુધી ( શરૂઆતથી પૂર્ણતા સુધી ) જે વીતરાગતા છે તે જ મોક્ષમાર્ગ છે; મોક્ષમાર્ગ તરીકે વીતરાગતા જ જયવંત વર્તે છે; રાગનો તો મોક્ષમાર્ગમાંથી ક્ષય થતો જાય છે. આવા વીતરાગભાવરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગને જાણીને તેને આરાધવો તે મહા માંગળિક છે.

જુઓ, આ બેસતા વર્ષની બોણી અને આશીર્વાદ અપાય છે. વીતરાગી મોક્ષમાર્ગ સમજીને તેની આરાધના કરવી તે અપૂર્વ બોણી છે. જેણે આવા વીતરાગીમાર્ગની સમ્યક્ શ્રદ્ધા કરી તેના આત્મામાં અપૂર્વ નવું વર્ષ બેઠું, તેણે મોક્ષનો મહોત્સવ કર્યો ને તેણે સન્તો પાસેથી સાચી બોણી અને આશીર્વાદ મેળવ્યા.

**શ્રમણો જિનો તીર્થંકરો એ રીતે સેવી માર્ગને**
**સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.**

# સુખના પંથે ચડેલા ધર્માત્મા

## (આસો વદ ચોથના પ્રવચનમાંથી)

સુખના પંથે ચડેલા ધર્માત્મા કેવા હોય ? તે બતાવે છે. ચૈતન્યની અનૂભુતિવડે સુખનો સ્વાદ જેણે ચાખ્યો, ચૈતન્યરસના જે રસિયા થયા, એવા શાંત–ધર્માત્મા પોતાના જ્ઞાનભાવમાં ઉલ્લસે છે, પોતાના અંતરમાં આનંદના દરિયા ઉલ્લસતા અનુભવે છે.

આત્મા આત્માના ભાવમાં ઉલ્લસે છે, –પરિણમે છે, ને પુદ્ગલ પુદ્ગલના ભાવમાં ઉલ્લસે છે. બંને તદ્ન જુદાં છે. અશુદ્ધ પરિણામમાં પણ ધર્મીનો ઉલ્લાસ નથી. તે અશુદ્ધભાવ પોતાના સ્વભાવપણે જ્ઞાનીને અનુભવાતા નથી.

જે અશુદ્ધભાવને જ વેદે છે, તેને જ પોતાનું કાર્ય માને છે, તે તો દુઃખના ડુંગરે ચડયો છે, દુઃખની ગૂફામાં પુરાયો છે. ધર્માત્મા તે અશુદ્ધતાથી પાર ચિદાનંદ તત્ત્વની અનુભૂતિથી પોતાના આનંદના ડુંગરે ચડયા છે, સુખની ગૂફામાં બેઠા છે. અહો ! ધર્માત્મા સુખના પંથે ચડયા...સિદ્ધપદના સાધક થયા.

ચૈતન્યલક્ષણ આત્મામાં છે; પુણ્ય–પાપ માં ચૈતન્યલક્ષણ નથી. ચૈતન્યલક્ષણ દ્વારા આત્માને પકડીને અનુભવ્યો ત્યાં પરભાવોથી ભિન્નતા થઈ, સમ્યગ્દર્શન થયું, મોક્ષમાર્ગના દ્વાર ખુલ્યા.

જ્ઞાનના ઉલ્લાસથી સમ્યગ્દ્રષ્ટિએ આત્માને અનુભવ્યો છે. જ્ઞાનલક્ષણના પંથે દોરાયેલા તે ધર્માત્મા પરભાવોથી જુદા પડીને, ઊંડા સુખના પાટે ચડયા, તેની રેલ (પરિણતિનો પ્રવાહ) સુખના દરિયા તરફ ચાલે છે.

ધર્મી જાણે છે કે હું ‘સ્વયં’ એટલે, કે પરની અપેક્ષા વિના રાગની અપેક્ષા વિના, મારા આત્માને સ્વાનુભવ–પ્રત્યક્ષ કરુ છું. સ્વાનુભવ પ્રત્યક્ષ થતાં અંદર ભાન થયું કે અહો, મારા આત્માનો ઉલ્લાસ રાગથી જુદો છે. સીતાજી વગેરે ધર્માત્માઓએ પોતાના આત્માને આવો અનુભવ્યો છે. ધર્મના દોર અલૌકિક છે.

મારું સુખ મારા અસ્તિત્વમાં છે. જેમાં મારું અસ્તિત્વ નથી તેમાં મારું સુખ કેમ હોય ? ધર્મીએ પોતાના અસ્તિત્વમાં પોતાનું સુખ જોયું છે. જ્ઞાન થતાં અનાદિનો વિભાવ મટી ગયો ને અપૂર્વ સ્વભાવ પ્રકાશમાન થયો. અને ભાન થયું કે મારા હોવાપણામાં તો આનંદ ને જ્ઞાન જ છે, અનંતજ્ઞાનથી ને આનંદથી જ હું ભરેલો છું. આવા સ્વમાં ઉલ્લસિત પરિણામે પરિણમેલા ધર્માત્મા સુખના પંથે ચડયા છે...હવે તેમને સુખ જ આવશે.

શુદ્ધ ચિદાનંદ સ્વરૂપના અનુભવદ્વારા ચોથા ગુણસ્થાનથી જ આત્મામાં રાગ વગરનું જ્ઞાન અનુભવાય છે. જ્ઞાન અને રાગ વચ્ચે એકતા નથી પણ ભિન્નતા છે, તેથી ભેદજ્ઞાનવડે તેમને ભિન્નપણે અનુભવવા તે સુગમ છે, અત્યારે થઈ શકે છે. ને એવો અનુભવ કરતાં જ આત્મા પરમસુખના પંથે પ્રયાણ કરે છે.

**卐 સુખના પંથે ચડેલા ધર્માત્માને નમસ્કાર હો 卐**




પૂજ્ય ગુરુદેવની મંગલકારી છત્રછાયામાં આપણું આત્મધર્મ–માસિક આજે પચ્ચીસમાં વર્ષમાં એટલે કે રજતજયંતીના વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. એક ‘આત્મધર્મ’ જ જૈનસમાજનું શુદ્ધઆધ્યાત્મિક પત્ર છે... –કે જે જિજ્ઞાસુઓને લૌકિકભાવનાઓથી દૂરદૂર આત્મિકભાવનામાં લઈ જાય છે. ગુરુદેવ આપણને જે આત્મહિતકારી ધર્મનો બોધ આપી રહ્યા છે તેની પ્રભાવનામાં આત્મધર્મનો કેટલો ફાળો છે તે સર્વે જિજ્ઞાસુઓને પરિચિત છે. આત્મધર્મે હંમેશાં પોતાના ઉચ્ચ આદર્શો ને ઉચ્ચ પ્રણાલી જાળવી રાખ્યાં છે; ભારતભરમાં ઉચ્ચ ધાર્મિક સંસ્કારવાળો વિશાળ વાચક વર્ગ ધરાવતું હોવાથી આત્મધર્મનું સંપાદન–ધોરણ પણ એવું જ ઉચ્ચકોટિનું રહ્યું છે....અને આમ છતાં પ્રતિપાદનશૈલ, એટલી સુગમ છે કે આજે હજારો વિદ્યાર્થી–બાળકો પણ હોંશેહોંશે તેનું વાંચન કરે છે.

આત્મધર્મના ચાર મુખ્ય ઉદેશો છે–આત્માર્થિતાની પુષ્ટિ; દેવગુરુધર્મની સેવા; વાત્સલ્યનો વિસ્તાર અને બાળકોમાં ધાર્મિકસંસ્કારોનું સીંચન. એ ઉદ્દેશોમાં આગળ ને આગળ વધવા આપણે સૌ સતત પ્રયત્નશીલ છીએ. એક ધર્મને સેવનારા ને એક ગુરુની છાયામાં રહેનારા આપણે સૌ એક છીએ એવી ભાવના સાધર્મીઓમાં પ્રસરી રહી છે.

મારા જીવનને માટે આ એક મહાન લાભનું કારણ છે કે ગુરુદેવની ચરણછાયામાં નિરંતર રહીને જિનવાણીમાતાની ઉપાસનાનું આવું સદ્ભાગ્ય મને મળ્યું. પૂ. ગુરુદેવે હંમેશાં પ્રસન્નતાપૂર્વક મારા જીવનને હિતમાર્ગમાં દોર્યું છે. બંધુઓ ! આવા કાળે આવા ગુરુજીની પ્રાપ્તી થઈ છે તો તેમની મંગલછાયામાં એકએક પળને ખૂબ જ મૂલ્યવાન સમજીને આત્મહિત સાધવાનું છે. ને તેમની વાણીરૂપ આ આત્મધર્મના વિકાસમાં આપનો સૌનો જે કિંમતી સહકાર છે તે બદલ સૌનો આભાર માનીને ભાવના ભાવું છું કે–

આત્મધર્મની રજતજયંતી પછી સુવર્ણજયંતી પણ ગુરુદેવની સોનેરી છાયામાં વેલીવેલી આવો.

–બ્ર. હ. જૈન

## બાલવિભાગને દીપાવલી–અભિનંદન:

બાલવિભાગના બે હજાર જેટલા સભ્યોને દીપાવલીનું અભિનંદનકાર્ડ મોકલ્યું છે–જે સૌને મલી ગયું હશે, ને દેખીને આનંદિત થયા હશો. આ કાર્ડમાં જે ચિત્ર છે તેમાં, વીરપ્રભુના પગલે પગલે મોક્ષમાર્ગે જવાની ભાવના વ્યક્ત કરી છે.....સંતો આપણને તે માર્ગ દેખાડી રહ્યા છે–એવો ભાવ પણ તેમાં બતાવ્યો છે. તમારા વાંચવાના પુસ્તકમાં એ કાર્ડ રાખી મુકજો ને રોજ રોજ વીરપ્રભુના માર્ગે જવાની ભાવના તાજી કરજો. તમને આ જાણીને વિશેષ આનંદ થશે કે આ અભિનંદનકાર્ડ આપણા બાલવિભાગના જ એક સભ્ય તરફથી તમને સૌને મોકલવામાં આવ્યું છે. તે સભ્ય છે–અમદાવાદના રોમેશકુમાર બાબુલાલ જૈન ( જેઓ કોલેજમાં ભણે છે, ને ગુરુદેવ જ્યારે અમદાવાદ પધારે છે ત્યારે લગભગ તેમના ઘરે જ ઉતારો હોય છે. ગોપાલભાઈના તેઓ પૌત્ર છે. ) બાલવિભાગ પ્રત્યેની આ લાગણી માટે તેમને આપણા સૌના અભિનંદન.

**આત્મધર્મ....... આત્મધર્મ..... આત્મધર્મ.... આત્મધર્મ.....**

- ‘આત્મધર્મ’ એ સોનગઢથી પ્રસિદ્ધ થતું આધ્યાત્મિક માસિક છે. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢનું એ મુખપત્ર છે. પૂ. શ્રી કાનજીસ્વામીના આધ્યાત્મિક સન્દેશનો તે પ્રચાર કરે છે.
- આત્મધર્મ દરમહિનાની પાંચમી તારીખે પોસ્ટ થાય છે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા છે. વર્ષની ગણતરી કારતકથી આસો સુધીની છે. શરૂઆતથી જ ગાહક થઈ જવું સારૂં છે, કેમકે પાછળથી ગાહક થનારને પ્રારંભિક અંકો મળવાનું મુશ્કેલ બને છે–કારણકે તે અંકો સિલકમાં હોતા નથી; વર્ષમાં ગમે ત્યારે ગાહક થઈ શકાય છે; ગાહક થનારને કારતક માસથી શરૂ કરીને ( સિલકમાં હોય તેટલા ) અંકો મોકલાય છે.
- વૃદ્ધથી બાળક સૌને ઉચ્ચ ધાર્મિક સંસ્કારોના સીંચન માટે આપના ઘરમાં આત્મધર્મ મંગાવો.
- આત્મધર્મના બાલવિભાગમાં બાળકોને સભ્ય થવા માટે કોઈ ફી હોતી નથી; સભ્ય થવા ઈચ્છનારે પોસ્ટકાર્ડમાં પોતાના હસ્તાક્ષરે નામ, સરનામું, ગામ, ઉંમર, અભ્યાસ અને જન્મદિવસ–એટલી વિગત સંપાદક ઉપર લખી મોકલવી.
- આત્મધર્મના પાઠક જિજ્ઞાસુઓએ પોતાનું લવાજમ વેલાસર મોકલવા વિનંતિ છે.
- આત્મધર્મની ઉન્નતિ માટે આપનો સહકાર અને સલાહ–સૂચનાઓ આવકારીએ છીએ.

લેખન–સંપાદનસંબંધી પત્રવ્યવહાર–
સંપાદક આત્મધર્મ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

લવાજમ અને વ્યવસ્થાસંબંધી પત્રવ્યવહાર
વ્યવસ્થાપક, આત્મધર્મ કાર્યાલય,
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## 卐 પ્રવચનમાંથી મીઠી પ્રસાદી 卐

❖ દુઃખ વખતે જ સુખ– આત્માનો સુખસ્વભાવ છે. નિજસ્વરૂપના અજ્ઞાનને લઈને જીવ જોકે દુઃખમાં આવ્યો છે, પણ દુઃખ વખતેય પોતાની સુખશક્તિને ભેગી રાખીને દુઃખમાં આવ્યો છે, દુઃખ વખતેય સુખશક્તિ તો અંદર સાથે રાખી જ છે. દુઃખને મટાડવાની શક્તિ ભેગી લઈને દુઃખમાં આવ્યો છે. આવી નિજશક્તિનું ભાન કરતાં સુખશક્તિનું કાર્ય એવું સુખ પ્રગટે છે ને દુઃખ ટળે છે.

❖ દેવ–ગુરુની ઓળખાણ– જેણે પોતાનું હિત કરવું છે તેને દેવમૂઢતા ને ગુરુમૂઢતા ટળવી જોઈએ. આત્માર્થીને પોતાને તરવું છે તો સામે પણ તરનારા દેવ–ગુરુ કેવા હોય તેને પોતાના આત્મભાવથી તે ઓળખી લ્યે છે. પોતાને આત્મઅનુભવ સાધવો છે તો સામે આત્મ–અનુભવને પામેલા એવા દેવ–ગુરુ કેવા છે તેને પોતે પોતાના ભાવ સાથે મેળવીને ઓળખી લ્યે છે. અને ધર્માત્માની આવી ખરી ઓળખાણ કરીને પછી પોતે પણ એમના જેવી દશા પ્રગટ કરે છે. આત્મભાવથી ધર્માત્માને ઓળખતાં દેવમૂઢતા–ગુરુમૂઢતા ટળે છે ને તે ઓળખાણ પોતાને જરૂર સમ્યક્ત્વનું કારણ થાય છે.

❖ ધર્મીની પ્રીતિ શેમાં છે? –ધર્મીની પ્રીતિનો વિષય તો અનંત ચૈતન્યવૈભવથી ભરપૂર આત્મા જ છે, તેમાં જ એમની દ્રષ્ટિ છે, એમના સ્વાનુભવમાં એનો જ સ્વીકાર છે, ઇન્દ્રપદ કે શુભરાગ એ એમની પ્રીતિનો કે એમના સ્વાનુભવનો વિષય નથી. નાનામાં નાના સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા હોય તેમની પણ આવી જ અંતર્દશા હોય છે. એવી અંતર્દશાને ઓળખે ત્યારે ધર્માત્માને ઓળખ્યા કહેવાય, ને ત્યારે પોતામાં પણ ભેદજ્ઞાન થાય.

❖ જ્ઞાનીનું જ્ઞાન– જ્ઞાનીનું જ્ઞાન આત્મામાં તન્મયપણે ઉપજે છે, રાગમાં તન્મયપણે ઉપજતું નથી; એટલે તે જ્ઞાનને રાગની સાથે કર્તાકર્મપણું નથી. જ્ઞાનીનું તે જ્ઞાન રાગનું અકર્તા છે.

❖ કર્તાની શોધ ક્યાં કરવી? –કોઈ પણ પર્યાયના કર્તાને તારે શોધવો હોય તો, તે પર્યાયને કોની સાથે અનન્યપણું છે–તે શોધી લે.....જેની સાથે અનન્યપણું હોય તેની સાથે જ કર્તા–કર્મપણું છે, બીજા કોઈ સાથે નહીં.

❖ જ્ઞાનીનું જ્ઞાન મોક્ષને સાધે છે– મારી આત્મપર્યાયને મારા આત્મદ્રવ્યની સાથે જ તન્મયતા છે–એમ દેખનાર જીવની સ્વપર્યાયનો ઝુકાવ પોતાના દ્રવ્યસ્વભાવ તરફ હોય છે, એટલે સ્વદ્રવ્ય તરફના ઝુકાવથી તેને વીતરાગતા જ થતી જાય છે. રાગ–દ્વેષાદિ ભાવો તેને ઘટતા જાય છે; ને તે ઘટતા જતા રાગાદિભાવનુંય જ્ઞાનમાં તો અકર્તાપણું જ છે; કેમકે તે રાગની સાથે તન્મય થઈને જ્ઞાન ઉપજતું નથી. જ્ઞાન તો શુદ્ધઆત્મા સાથે જ તન્મય થઈને ઉપજે છે. આ રીતે જ્ઞાતાસ્વભાવના આશ્રયે રાગના અકર્તાપણે ઉપજતું જ્ઞાનીનું જ્ઞાન મોક્ષને સાધે છે.

❖ જીવનું સાચું જીવન– જેણે જીવની શુદ્ધ ચૈતન્યસત્તાનો સ્વીકાર ન કર્યો ને બીજા વડે તેનું જીવન (તેનું ટકવું) માન્યું તેણે જીવના સ્વાધીન જીવનને હણી નાંખ્યું, પોતે જ પોતાનું ભાવમરણ કર્યું. તેને અનંત શક્તિવાળું સ્વાધીન જીવન બતાવીને 'અનેકાન્ત' વડે આચાર્યદેવ સાચું જીવન આપે છે. 'ભાવમરણો' ટાળવા માટે કરુણા કરીને અનંત આત્મશક્તિરૂપી સંજીવની સંતોએ આપી છે, –જેના વડે અવિનાશી સિદ્ધપદ પમાય છે. –એ જીવનું સાચું જીવન છે, તે સુખી જીવન.

❖ સિદ્ધભગવંતો સુખી જીવન જીવી રહ્યા છે; તેના સાધક–સંતો પણ સુખી જીવન જીવી રહ્યા છે. ચૈતન્યસતાની અનુભૂતિ આત્માને સુખી જીવન જીવાડે છે.

❖ આનંદને અનુભવનારા જીવો– આનંદમય જ્ઞાતા–દ્રષ્ટાપરિણામી આત્મા તે ખરો આત્મા છે. એકલા જ્ઞાનભાવથી ભરેલો આત્મા તેને જાણતાં આનંદમય અમૃતરસની ધારા વહે છે. રાગાદિના કર્તાપણે આત્માને જાણે તેમાં તો રાગનું–આકુળતાનું વેદન થાય છે. તેમાં આનંદની ધારા વહેતી નથી, કેમકે તે આત્માનું સાચું સ્વરૂપ નથી. આત્માના સાચા સ્વરૂપને જાણે ને આનંદરસની ધારા ન વહે–એમ બને નહિ. અંદર આનંદનો દરિયો ભર્યો છે એટલેતેમાં ઉપયોગ જોડતાં જ આનંદની ધારા અનુભવમાં ઉલ્લસે છે. વસ્તુસ્વરૂપ એવું છે કે એના જ્ઞાનમાં કદી કંટાળો ન આવે પણ આનંદ આવે. ભાઈ, તારી આવી વસ્તુ છે તેને એકવાર તારા લક્ષમાં તો લે;એને લક્ષમાં લેતાં જ, કદી ન થયેલો એવો આનંદ તને થશે. સમ્યગ્દર્શન સહિત નરકના સંયોગ વચ્ચે રહેલા શ્રેણીકરાજા પણ આવા આત્માને આનંદભાવ સહિત અનુભવે છે. એનો તો દાખલો આપ્યો, બાકી અહીં પણ એવા આત્માનો આનંદસહિત અનુભવ કરનારા અનેક જીવો છે, ને એવો અનુભવ થઈ શકે છે.

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક ૫૫: અંક ૨૮૭ થી ચાલુ )

**ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

( વીર સં ૨૪૮૨ શ્રાવણ સુદ દસમી બુધવાર તા. ૧૫–૮–૫૬ સમાધિશતક ગા. ૯૪ )

અજ્ઞાનીની સર્વ અવસ્થાઓ ભ્રમરૂપ છે, ભલે તે જાગતો હોય, શાસ્ત્રો ભણતો હોય, તોપણ દેહાદિને આત્મા માનનારો તે જીવ અબુધ છે, ઊંઘતો જ છે, મૂર્ખ જ છે. અને આત્માને દેહથી ભિન્ન જાણનાર જ્ઞાની ઊંઘ વખતે કે મૂર્છા વખતે પણ પ્રબુદ્ધ છે, સ્વરૂપમાં જાગૃત છે, વિવેકી છે.

અહીં કોઈ બહિરાત્મા કહે છે કે બાલ–વૃદ્ધ વગેરે શરીરની અવસ્થારૂપે આત્માને માનનાર અજ્ઞાની પણ શાસ્ત્રો ભણીને અને નિદ્રારહિત થઈને મુક્તિ પામી જશે ‘ ! –તો આચાર્યદેવ તેના ઉત્તરમાં કહે છે કે–

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मतोऽपि मुच्यते।९४।

ભલે ઘણા શાસ્ત્રો ભણ્યો હોય અને જાગતો હોય, તોપણ દેહ તે જ આત્મા એવી જેની દ્રષ્ટિ છે તે જીવ મુક્તિ પામતો નથી, જાગતો હોવા છતાં અને શાસ્ત્રો ભણવા છતાં તે બંધાય જ છે. શાસ્ત્રો ભણવાનો સાર તો દેહાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો–તે હતો, તે તો અજ્ઞાની જાણતો નથી, એટલે ખરેખર તે શાસ્ત્ર ભણ્યો જ નથી, શાસ્ત્રોનો જે આશય હતો તેને તો તે સમજ્યો નથી. અને જેણે દેહાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણ્યો છે એવા જ્ઞાની ઊંઘ વખતે પણ છૂટતા જ જાય છે; ઊંઘ વખતે ય જ્ઞાનમાં જ એકતાપણે પરિણમે છે, રાગાદિમાં એકતાપણે પરિણમતા નથી તેથી ક્ષણેક્ષણે તેને છૂટકારો જ થતો જાય છે; સુપ્ત અને ઉન્મત અવસ્થા વખતે પણ ભેદજ્ઞાનના બળે તેને વિશિષ્ટ કર્મનિર્જરા થયા જ કરે છે. જુઓ અજ્ઞાની સર્વ અવસ્થાઓમાં બંધાય જ છે, ને જ્ઞાની સર્વ અવસ્થાઓમાં મુકાય જ છે. ભલે શાસ્ત્રોના શબ્દો વાંચતાં ન આવડતું હોય પણ દેહાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જેણે જાણ્યો તેણે સર્વે શાસ્ત્રોનું રહસ્ય જાણી લીધું છે.

‘અજ્ઞાની ઊંઘતા સારા ને જ્ઞાની જાગતા સારા, કેમકે અજ્ઞાની ઊંઘતો હોય તો ઊંઘમાં

પાપ તો ન કરે! ’ –એમ કેટલાક જીવો કહે છે. પણ અહીં તો આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! દેહમાં આત્મબુદ્ધિને લીધે અજ્ઞાની જીવ ઊંઘ વખતેય મિથ્યાત્વનું મહાપાપ બાંધી જ રહ્યો છે. અજ્ઞાનીને જાગતો હોય ત્યારે પાપ બંધાય ને ઊંઘ વખતે તેને પાપ ન થાય–એ તારી ભ્રમણા છે. એ જ પ્રમાણે જ્ઞાનીને જાગૃતદશામાં ધર્મ રહે ને ઊંઘ વખતે ભાન ચાલ્યું જાય–એમ નથી, ઊંઘ વખતેય જ્ઞાનીને આત્મભાન વર્તી જ રહ્યું છે. ઊંઘદશા હોય કે જાગૃતદશા હો, વિવેકી દશા હો કે ઉન્મત જેવી દશા હોય, તોપણ જ્ઞાનીને બધી અવસ્થામાં આત્મજ્ઞાન સરખું જ છે, ને અજ્ઞાનીને બધી અવસ્થામાં અજ્ઞાન જ વર્તી રહ્યું હોય છે. જેમાં જેને હિતબુદ્ધિ હોય છે તેમાં જ તેના શ્રદ્ધા–જ્ઞાન વર્તે છે. જ્ઞાનીને આત્મામાં જ હિતબુદ્ધિ છે તેથી ઊંઘ વખતે પણ તેને આત્માના શ્રદ્ધા–જ્ઞાન વર્તે છે. અને અજ્ઞાનીને દેહાદિ બાહ્ય વિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સદાય દેહાદિમાં જ શ્રદ્ધા–જ્ઞાન લીનતા વર્તે છે. જ્ઞાનીને જ્ઞાનસ્વરૂપ આત્માનું ભાન ક્ષણેક્ષણે વર્તી રહ્યું છે તે જ તેની મુક્તિની નિશાની છે. આ રીતે ભેદજ્ઞાન કરીને નિર્વિકલ્પ પ્રતીતિ અને અનુભવની દ્રઢતા કરવી તે જ મોક્ષનો સર્વોપરી મુખ્ય ઉપાય છે, ને તે જ ઉપાદેય છે.

**પ્રશ્નઃ-** ભેદજ્ઞાનનો અભ્યાસ ક્યાં સુધી કરવો?

**ઉત્તરઃ-** જ્ઞાનાનંદ સ્વરૂપમાં અંતર્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવ થાય ત્યાંસુધી ભેદજ્ઞાનનો પ્રયત્ન કર્યા જ કરવો. ને ભેદજ્ઞાન પછી પણ કેવળજ્ઞાન થાય ત્યાં સુધી તે જ્ઞાનાનંદસ્વરૂપમાં લીનતાનો વારંવાર પ્રયત્ન કર્યા જ કરવો. આ રીતે આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપને જાણીને તેમાં લીનતા કરવી તે જ મોક્ષનો શ્રેષ્ઠ ઉપાય છે, –તે એક જ ઉપાય છે અને બીજો કોઇ ઉપાય નથી. હું જ્ઞાનસ્વરૂપી આત્મા છું–એમ નિર્ણય કરીને તેનું જ અવધાન કરવું, તેને જ ધ્યાનમાં ધારવો. એ રીતે જ્ઞાનસ્વરૂપ આત્માની શ્રદ્ધા કરીને તેમાં લીનતા કરતાં મુક્તિ થાય છે. ।। ૯૪।।

સુપ્ત વગેરે અવસ્થામાં પણ જ્ઞાનીને સ્વરૂપનું સંવેદન કેમ રહ્યા કરે છે? તે વાત હવે સ્પષ્ટ કરે છે–

यत्रैवहितधी: पुंस: श्रद्धा तत्रैव जायते।
यत्रैव जायते श्रद्धा चितं तत्रैव लीयते।।९५।।

“આમાં જ મારું હિત છે” –એમ જે વિષયમાં જીવને હિતબુદ્ધિ થાય છે તેમાં જ તેને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, અને જે વિષયમાં શ્રદ્ધા થાય છે તેમાં જ તેના ચિત્તની લીનતા થાય છે. ધર્માત્માને પોતાના આત્મસ્વરૂપમાં જ હિતબુદ્ધિ હોવાથી તેને ઊંઘ વગેરે દશા વખતે પણ તેની શ્રદ્ધા વર્ત્યા જ કરે છે. અને અજ્ઞાનીને બાહ્ય વિષયોમાં હિતબુદ્ધિ હોવાથી તેને બાહ્યવિષયોમાં જ શ્રદ્ધા અને લીનતા

વર્તે છે. આ રીતે જ્યાં રુચિ ત્યાં શ્રદ્ધા, અને જ્યાં શ્રદ્ધા ત્યાં એકાગ્રતા થાય છે.

પહેલાં આત્મામાં હિતબુદ્ધિ એવી થવી જોઈએ કે અહો! આ જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા આત્મામાં જ છે, મારા આત્માથી બહાર જગતના કોઈ પણ વિષયોમાં મારું સુખ છે જ નહિ. –આવો દ્રઢ નિર્ણય કરે તો આત્મામાં હિતબુદ્ધિ થતાં તેની રુચિ થાય, ને તેની શ્રદ્ધા થતાં વારંવાર તેમાં જ વલણ રહ્યા કરે, ને તેમાં જ લીનતા થાય. જેને આત્માની રુચિ છે તેને બીજા વિષયોમાં સુખબુદ્ધિ સ્વપ્નેય થતી નથી. શુદ્ધ ચિદાનંદ આત્મામાં જ સુખબુદ્ધિથી સ્વપ્નેય તેનું જ રટણ રહ્યા કરે છે. હું ચિદાનંદ છું, હું જ્ઞાયક છું–એવી પ્રતીતિનું પરિણમન ધર્મીને સદાય વર્તે છે. અને અજ્ઞાનીને દેહ તે હું–રાગ તે હું એવી ઊંધી પ્રતીતિનું પરિણમન સદાય વર્તે છે. જીવને જે વિષયની રુચિ–શ્રદ્ધા અને લીનતા હોય તેનું જ રટણ રહ્યા કરે છે.

ધર્મીને સ્વપ્નાં પણ એવા આવે કે હું ચરમશરીરી છું, હું ભગવાનની સભામાં બેઠો છું, મુનિઓ મને આશીર્વાદ આપે છે. –આ રીતે રુચિ અને શ્રદ્ધાનું જોર જીવને તે–તે વિષયથી હટવા દેતું નથી, તેને તેનું રટણ રહ્યા જ કરે છે. વજ્રપાત થાય કે દેવ ડગાવવા આવે તોપણ ધર્મીની શ્રદ્ધામાંથી આત્માનું રટણ ખસતું નથી...હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું–એવી શ્રદ્ધાનું રટણ તેને નિરંતર વર્ત્યા જ કરે છે. આ રીતે જેમાં હિતબુદ્ધિ હોય તેમાં શ્રદ્ધા ને લીનતા થાય છે, ઉપયોગ વારંવાર તે તરફ જાય છે. ।। ૯૫।।

હવે જેમાં હિતબુદ્ધિ ન હોય તેમાં જીવને શ્રદ્ધા કે લીનતા થતા નથી, એટલે તેમાં તે અનાસક્ત જ હોય છે–એમ કહેશે.

## દશ સવાલ ને દશ જવાબ

૧. દેવ કોણ? ...................... જિનેન્દ્રદેવ.

૨. ગુરુ કોણ? ....... રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિ.

૩. ધર્મ કોણ? .......... મોહરહિત શુદ્ધપરિણામ.

૪. પૂજા કોની કરવી? ............ જિનેન્દ્રદેવની,

૫. ઉત્તમરત્ન ક્યા?....સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર,

૬. સ્નેહ કોનો કરવો? ... ધર્માત્માનો.

૭. જીવનો સાચો મિત્ર કોણ? ..... સમ્યગ્દર્શન.

૮. જીવનો મોટો શત્રુ કોણ? ....... મિથ્યાત્વ.

૯. નિજપદ કયું? ..... શુદ્ધચૈતન્યસ્વરૂપ.

૧૦. જગતમાં ઉત્તમ કોણ? ..... શુદ્ધઆત્મા.

(બે વખત વાંચીને દશે જવાબ મોઢે રહી જાય તો તમે ૧૦૦ માર્કે પાસ)

## 卐 जैनसिद्धांत-अहिंसा परमो धर्मः 卐

૧. **-અહિંસા કોને કહે છે ?**

આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી તે અહિંસા છે.

૨. **-હિંસા કોને કહે છે ?**

આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે; તેના વડે આત્માના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણ હણાય છે.

૩. –જે ભાવ વડે શુદ્ધોપયોગ હણાય તે હિંસા છે;

જે ભાવ વડે શુદ્ધોપયોગ અખંડ રહે તે અહિંસા છે;

અને આવી अहिंसा ते परमो धर्मः છે, એ જૈનસિદ્ધાંત છે.

૪. –અહો, વીતરાગમાર્ગની અહિંસા! શુદ્ધતારૂપ પોતાના ભાવપ્રાણની જેમાં રક્ષા થાય તે વીતરાગી અહિંસા છે. એનાથી વિરુદ્ધ એવા કષાયભાવો (રાગ–દ્વેષ) વડે હિંસા થાય છે, હિંસ્ય અને હિંસક બંને પોતામાં જ છે, ને તેનો અભાવ કરીને વીતરાગભાવરૂપ અહિંસા પણ પોતાના આત્માના આશ્રયે પ્રગટે છે.

૫. –ચૈતન્યપ્રાણ શું છે તેની જેને ખબર જ નથી તે તેની રક્ષા કઈ રીતે કરશે? ને તેને અહિંસા ક્યાંથી હોય? પોતાના ભાવપ્રાણ જેના વડે હણાઈ રહ્યા છે એવા રાગાદિ ભાવોને જે સેવી રહ્યો છે તે હિંસાને જ સેવી રહ્યો છે; અહિંસાના સ્વરૂપની તેને ખબર નથી, અહિંસારૂપ ધર્મ તેને હોતો નથી.

૬. –જેની અહિંસા કરવાની છે એવા શુદ્ધજીવનું સ્વરૂપ જે જાણતો નથી, ને જે ભાવવડે હિંસા થાય છે તે ભાવને હિંસા તરીકે જે ઓળખતો નથી–તેને અહિંસા હોતી નથી ને હિંસાનો ત્યાગ યથાર્થપણે હોતો નથી. બહારથી દ્રવ્યપ્રાણની હિંસા ભલે તેના વડે ન થતી હોય પણ અંદર અશુદ્ધ ભાવોના સેવન વડે તેને ભાવહિંસા તો ક્ષણેક્ષણે થઈ જ રહી છે.

૭. –મિથ્યાત્વ હોય ત્યાં ચૈતન્યના ભાવપ્રાણની રક્ષા થઈ શક્તી નથી, મિથ્યાત્વ વડે ચૈતન્યપ્રાણ હણાય છે; તેથી જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં સાચી અહિંસા હોતી નથી. વસ્તુસ્વરૂપના જ્ઞાન વડે જ અહિંસાધર્મનું પાલન થઈ શકે છે.

૮. –જીવની જેટલી શુદ્ધતા તેટલી અહિંસા;
ને જેટલી અશુદ્ધતા તેટલી હિંસા.

૯. –અહિંસા–ધર્મ આત્માને પુષ્ટ કરનારું મહા રસાયણ છે.
એ અહિંસા–રસાયણ આત્માને અમૃત બનાવે છે.
મિથ્યાદ્રષ્ટિ જીવો વીતરાગી અહિંસારૂપી રસાયણનું પાન કરી શકતા નથી.

૧૦. –રાગરૂપી હિંસા તે મૃત્યુ છે, તેમાં ચૈતન્યપ્રાણ હણાય છે.
વીતરાગભાવરૂપ અહિંસા તે અમૃત છે, તેમાં ચૈતન્યનું જીવન છે.

(પુરુષાર્થસિદ્ધિઉપાયના પ્રવચનમાંથી)

સન્તોએ કરુણા કરીને આત્મસ્વભાવનો મહાન વૈભવ બતાવ્યો, પણ તે વૈભવને પ્રતીતમાં લેવાની તાકાત કોની? પ્રતીતમાં લેનારને પોતાનો સ્વભાવનો પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરનો જીવ સર્વજ્ઞદેવે બતાવેલા નિજવૈભવને નીહાળી શકતો નથી. નિજસ્વભાવને નહીં દેખનારો જીવ, સર્વજ્ઞની વાણીના ગંભીર રહસ્યોનો નિર્ણય કરી શકતો નથી. અહા! જે સ્વભાવને નીહાળવાથી પરમાત્મપણું પ્રગટ થાય તેના મહિમાની શી વાત? અરે જીવ! તું સર્વજ્ઞનો પુત્ર છો, તું અરિહંતનો યુવરાજ છો, સર્વજ્ઞપદનું રાજ લેવાની તાકાતવાળો તું છો. જિનસેનસ્વામીએ મહાપુરાણમાં ગૌતમગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે; સમ્યગ્દ્રષ્ટિને કેવળીપ્રભુનો લઘુનંદન કહ્યો છે. પોતાનો સર્વજ્ઞસ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેનું પરિણમન સર્વજ્ઞતા તરફ વળ્યું, હવે અલ્પકાળમાં પોતે સર્વજ્ઞ થશે. –એવી સર્વજ્ઞ થવાની શક્તિ આત્મામાં છે; પણ નિજસ્વભાવને લક્ષમાં લીધા વગર સર્વજ્ઞશક્તિનો નિર્ણય થઈ શકે નહીં. પૂર્ણસ્વભાવની પ્રતીત કરતાં સાધકપણું થયું, તે હવે પૂર્ણસ્વભાવના આશ્રયે અલ્પકાળમાં પૂર્ણતા પ્રગટ કરશે. તે પૂર્ણતાનું કારણ પોતામાં જ છે, તેનું સાધન પોતામાં જ છે.

# સન્તોનો સિંહનાદ


## જિનવાણી–માતાજી જગાડે છે ને ભગવાનપણું દેખાડે છે

અહા, જિનવાણીમાતાજી પ્રેમથી જગાડે છે, સન્તો કરુણાથી જગાડે છેઃ હે જીવ! હવે તો તું જાગ! ને તારી નિજશક્તિના વૈભવને દેખ. અનંતકાળથી મોહનિદ્રામાં સૂતો ને નિજવૈભવને ભૂલ્યો, પણ હવે તો આ જિનવચનરૂપી અમૃતવડે તું જાગ. જેમ રાવણની શક્તિવડે મૂર્છિત થયેલા લક્ષ્મણને રામ જગાડતા હતા, તેમ અહીં મોહરાવણથી મૂર્છિત જીવોને આતમરામી સન્તો જગાડે છે, ને 'વિ–શલ્યા' એટલે શલ્યરહિત આત્મપરિણતિ (સમ્યકશ્રદ્ધા) આવતાં જ મોહમૂર્છા દૂર થઈને આત્મા નિજશક્તિને સંભાળતો જાગે છે, ને મોહરૂપી રાવણને હણી નાંખે છે. અહા, આતમરામી સન્તો તને જગાડે છે, તો હે ભાઈ! હવે તો તું જાગ! આ સમયસારના મંત્રોવડે તું શીઘ્ર જાગ. જાગીને તારા આત્મવૈભવને દેખ. હવે જાગીને મોક્ષમાં જવાનાં ટાણાં આવ્યા છે. ૧૬ વર્ષ કરતાંય નાની ઉંમરમાં શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે 'રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયો; નિદ્રાથી મુક્ત થયા, હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજે.'

મારું પરમેશ્વરપણું મારામાં છે–એમ સ્વીકાર તો કરો. એક વાર શ્રીમદ્ રાજચંદ્રજીએ કોઈ ભરવાડલોકોમાં અનુકરણની જિજ્ઞાસાબુદ્ધિ દેખીને તેઓને કહ્યું કે 'ભાઈઓ' આંખો મીચી જાઓ, ને અંદર હું પરમેશ્વર છું એમ વિચાર કરો.' તે ભરવાડ ભદ્ર હતા, તેમણે એ વાતમાં શંકા કે પ્રતિકાર ન કર્યો, પણ વિશ્વાસથી એમ વિચાર્યું કે આ કોઈ મહાત્મા છે ને અમને અમારા હિતની કંઈક અપૂર્વ વાત કહે છે; જગતના જીવો કરતાં આમની ચેષ્ટા કંઈક જુદી લાગે છે. તેમ હે ભદ્ર! અહીં કુંદકુંદસ્વામી જેવા પરમ હિતકારી સન્તો તને તારું સિદ્ધપણું બતાવે છે, તો તું ઉલ્લાસથી તેની હા પાડ, ને હું સિદ્ધ છું–એમ તારા આત્માને ચિંતનમાં લે, અંતરમાં સમ્યજ્ઞાનરૂપી સુપ્રભાત ઉગાડ ને મોહનિદ્રા છોડીને આત્માના વૈભવને સંભાળ. અનાદિથી સંયોગવાળો ને વિકારવાળો જ આત્મા માનીને તું અજ્ઞાનમાં સૂતો. તે માન્યતા હવે છોડ, ને અનંતગુણના ધામ એવા આત્માને દેખ.....અનંત કિરણોથી ઝગઝગતા ચૈતન્યસૂર્યનો પ્રકાશ દેખ, આ ભાવનિદ્રામાંથી ઢંઢોળીને સન્તો અને જિનવાણીમાતા તને તારી નિજશક્તિ બતાવે છે.

એક સિંહના બચ્ચાની વાત આવે છે........

–જુઓ સામે પાને ☞



સિંહનું એક નાનું બચ્ચું હતું. ભૂલથી તે બકરીના ટોળામાં ભળી ગયું, ને પોતાનું સિંહપણું ભૂલીને પોતાને બકરું જ માનવા લાગ્યું. એકવાર બીજા સિંહે તેને દીઠું, ને તેને તેના સિંહપણાનું ભાન કરાવવા સિંહનાદ કર્યો. સિંહની ત્રાડ સાંભળતાં જ બકરાં તો બધાય ભાગ્યા, પણ આ સિંહનું બચ્ચું તો નિર્ભયપણે ઊભું રહ્યું, સિંહના અવાજની બીક એને ન લાગી. ત્યારે બીજા સિંહે તેની પાસે આવીને પ્રેમથી કહ્યું–અરે બચ્ચા! તું બકરું નથી, તું તો સિંહ છો? દેખ, મારી ત્રાડ સાંભળીને બકરાં તો બધા ભયભીત થઈને ભાગ્યા, ને તને કેમ બીક ન લાગી? –કેમકે તું તો સિંહ છો.....મારી જાતનો જ તું છો, માટે બકરાનો સંગ છોડીને તારા સિંહ–પરાક્રમને સંભાળ, વળી વિશેષ ખાતરી કરવા તું ચાલ મારી સાથે, ને આ સ્વચ્છ પાણીના ઝરામાં તારું મોઢું જો! વિચાર કર કે તારું મોઢું કોના જેવું લાગે છે? મારા જેવું (એટલે કે સિંહ જેવું) લાગે છે કે બકરા જેવું? હજી વિશેષ લક્ષણ બતાવવા સિંહે કહ્યું કે તું એક અવાજ કર......અને જો કે તારો અવાજ મારા જેવો છે કે બકરા જેવો? સિંહના બચ્ચાએ જ્યાં ત્રાડ પાડી ત્યાં તેને ખાતરી થઈ કે હું સિંહ છું; પાણીના સ્વચ્છ ઝરણામાં પોતાનું મોઢું જોઈને પણ તેને સ્પષ્ટ દેખાણું કે હું તો સિંહ છું. ભ્રમથી જ સિંહપણું ભૂલી, મારી નિજશક્તિને ભૂલીને મને બકરા જેવો માની રહ્યો હતો, આ તો એક દૃષ્ટાંત છે; તેમ ધર્મકેસરી એવા સર્વજ્ઞ પરમાત્મા પોતે સર્વજ્ઞ થઈને દિવ્યવાણીરૂપી સિંહનાદથી તને તારું પરમાત્મપણું બતાવે છે; જેવા અમે પરમાત્મા છીએ એવો જ તું પરમાત્મા છો; બંનેની એક જ જાત છે. ભ્રમથી તેં પોતાને પામર માન્યો છે ને તારા પરમાત્મપણાને તું ભૂલ્યો છો.

પણ અમારી સાથે તારી મુદ્રા (લક્ષણ) મેળવીને જો તો ખરો, તો તને ખાતરી થશે કે તું પણ અમારા જેવો જ છો. સ્વસંવેદનવડે તારા સ્વચ્છ જ્ઞાનસરોવરમાં દેખ તો તને તારી પ્રભુતા તારામાં સ્પષ્ટ દેખાશે. સ્વસન્મુખ વીર્ય ઉલ્લસાવીને શ્રદ્ધારૂપી સિંહનાદ કર, તો તને ખાતરી થશે કે હું પણ સિદ્ધપરમાત્મા જેવો છું, મારામાંય સિદ્ધ જેવું પરાક્રમ ભર્યું છે! પ્રભુતાથી ભરેલો તારો આત્મા પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં અનંત સ્વભાવોસહિત પરિણમી રહ્યો છે. આવા ચૈતન્યતત્ત્વના ભાન વગર ચાર ગતિનો અભાવ કેમ થાય? ને આનંદ ક્યાંથી પ્રગટે? ચાર ગતિ કે તે ગતિનો ભાવ જેનામાં નથી એવા ચિદાનંદસ્વભાવની સન્મુખ થતાં ચાર ગતિનો અભાવ થઈને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

## એક ટચુકડી વાત: (ભગવાન રામચંદ્રજીના પૂર્વભવનો એક પ્રસંગ)

ભરતક્ષેત્રમાં ધનદત નામનો એક વણિક હતો. એકવાર માર્ગમાં અત્યંત થાકેલો તે ધનદત ખેદખિન્ન થઈને સૂર્યાસ્ત પછી કોઈ ધાર્મિક આશ્રમમાં પહોંચ્યો. તેને તરસ ખૂબ લાગી હતી, તેથી ત્યાં કોઈ મહાત્માને જોઈને કહ્યું–આપ પુણ્યકાર્ય કરનારા છો, હું બહુ તરસ્યો છું માટે મને પાણી આપો! ત્યારે તે મહાત્માએ તેને સાન્તવના દેતાં મધુરવાણીથી કહ્યું–હે વત્સ! રાત્રિમાં અમૃત પણ પીવું ઉચિત નથી, તોપછી પાણીની તો શું વાત? જ્યારે આંખ પોતાનો વેપાર (દેખવાનું) છોડી દે છે, આંખથી ન દેખાય એવા સૂક્ષ્મ જીવો જ્યારે ચારેકોર ફરતા હોય છે–એવા અંધકારમાં રાત્રિસમયે તું ભોજન–પાન મત કર. હે બંધુ! કષ્ટ થાય તોપણ તું રાત્રિ ભોજન ન કર. રાત્રિભોજન કરીને દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાં ન પડ.

ધર્માત્માની અમૃત જેવી મધુરવાણી સાંભળતાં ધનદત્તનું મન શાંત થઈ ગયું, ને પ્રસન્નતાથી તેના ચિત્તમાં દયા પ્રગટી. તેથી તેણે અણુવ્રત ધારણ કર્યા, અલ્પશક્તિને લીધે તે મહાવ્રત ધારણ કરી ન શક્યો. અણુવ્રતસહિત દેહ છોડીને તે સ્વર્ગનો દેવ થયો. –બંધુઓ, આ ધનદત્તનો જીવ એ જ આગળ જતાં આપણા ભગવાન રામચંદ્રજી થયાં.

–પદ્મપુરાણ પૃ. ૩૦૧ (નવું)

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક–૫૬ )

( વીર સં. ૨૪૮૨ શ્રાવણ સુદ ૧૧ )

જીવને જેમાં હિતબુદ્ધિ હોય છે તેમાં શ્રદ્ધા અને લિનતા થાય છે એ વાત ગાથા ૯૫ માં કરી. હવે, જે વિષયમાં જીવને હિતબુદ્ધિ ન હોય તે વિષયમાં તેને શ્રદ્ધા કે લીનતા થતી નથી, એટલે તેમાં તે અનાસક્ત જ હોય છે, –એમ કહે છે–

यत्रानाहितधीःपुंसःश्रद्धा तस्मान्निवर्तते।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः।। ९६ ।।

હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું ને દેહાદિ અચેતન છે–એમ જ્યાં બંનેની ભિન્નતા જાણી, ત્યાં આત્મામાં આત્મબુદ્ધિ થઇને દેહમાંથી આત્મબુદ્ધિ છૂટી ગઈ. જેમાં આત્મબુદ્ધિ ન હોય તેમાં લીનતા પણ હોય નહીં. જેને પોતાથી ખરેખર ભિન્ન જાણ્યા તે વિષયોમાં સુખબુદ્ધિ ન રહી, સુખબુદ્ધિ ન રહી એટલે શ્રદ્ધા તેનાથી પાછી ફરી ગઈ, ને જેમાં શ્રદ્ધા ન હોય તેમાં લીનતા પણ હોય નહીં. –આ રીતે જ્ઞાની ધર્માત્મા જગતના સર્વ વિષયો પ્રત્યે અનાસક્ત છે.

અરે જીવ ! એકવાર તું નક્કી તો કર કે તારું હિત ને તારું સુખ શેમાં છે ? જેમાં સુખ લાગે તેની રુચિ ને તેમાં લીનતા થાય. આત્માનું જ્ઞાનપદ બતાવીને આચાર્યદેવ કહે છે કે–

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.**

આ જ્ઞાનસ્વરૂપ આત્મા સિવાય બીજે ક્યાંય તારું સુખ નથી, માટે તેની રુચિ ન કર, પ્રીતિ ન કર, તેમાં એકતા ન માન. સુખ તો આત્માના અનુભવમાં છે. એકવાર આવું લક્ષ કરે તોય એના પરિણામનો વેગ પર તરફથી પાછો વળી જાય.....એના વિષયો અતિ મંદ પડી જાય; જેમાં સુખ નહિ તેનો ઉત્સાહ શો ? જ્ઞાની બાહ્યસામગ્રી વચ્ચે ઊભેલા દેખાય, રાગ પણ દેખાય, પણ એની રુચિની દિશા પલટી ગઇ છે, એની શ્રદ્ધા શુદ્ધાત્મામાં જ પ્રવેશી ગઈ છે, એટલે શુદ્ધાત્માની શ્રદ્ધા કે પ્રીતિ છોડીને તેને કોઈ રાગ આવતો નથી. સ્વભાવનું

સુખ જેણે ચાખ્યું તેને પરભાવમાં ક્યાંય એકત્વબુદ્ધિથી લીનતા થાય જ નહીં. આ રીતે જ્ઞાનીની પરિણતિ પર વિષયોથી પાછી વળીને નિજાત્માને જ ધ્યેય બનાવે છે. ।। ૯૬ ।।

હવે ધ્યેયરૂપ શુદ્ધઆત્મા કે જેમાં ચિત્તને લીન કરવાનું છે, તેની ઉપાસના બે પ્રકારે છે– એક ભિન્ન ઉપાસના અને બીજી અભિન્ન ઉપાસના. એ બંનેનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત સમજાવે છે; તથા તેનું ફળ પણ બતાવે છે.

ધર્માત્માને જે વિષયમાં ચિતની લીનતા કરવા જેવી છે તે ધ્યેયની ઉપાસના બે પ્રકારે છે– એક તો ભિન્ન આત્મા–અરહંત–સિદ્ધભગવાન;અને બીજું–અભિન્ન એવો પોતાનો આત્મા. તેમાં ભિન્ન આત્માની ઉપાસનાનું ફળ શું છે તે દૃષ્ટાંત સહિત બતાવે છે–

**भिन्नात्मानमुपास्यात्मा परा भवति तादशः**
**वतिदीपं यथोपास्य भिन्ना भवति तादशी।।९७।।**

આ આત્મા પોતાથી ભિન્ન એવા અરિહંત તથા સિદ્ધ પરમાત્માની ઉપાસના–આરાધના કરીને તેમના જેવો પરમાત્મા પોતે થઈ જાય છે. –કઈ રીતે ? કે દીપકથી ભિન્ન એવી જે વાટ તે પણ દીપકની આરાધના કરીને ( અર્થાત્ તેની અત્યંત નીકટતા પામીને ) પોતે દીપકસ્વરૂપ થઈ જાય છે, તેમ અરિહંત અને સિદ્ધ પરમાત્માના સ્વરૂપને ધ્યાવતાં આત્મા પોતે પરમાત્મા થઈ જાય છે.

સમયસારની પહેલી ગાથામાં પણ આ વાત કરી છે કે–( वंदित्तु सव्वसिद्धे ) સર્વ સિદ્ધને વંદન કર્યા.....કઈ રીતે ? કે સિદ્ધભગવંતો પૂર્ણ શુદ્ધતાને પામેલા છે તેથી, સાધ્યસ્વરૂપ જે શુદ્ધઆત્મા તેના પ્રતિછંદના સ્થાને છે, તેથી તે સિદ્ધ ભગવાનને ધ્યાવી–ધ્યાવીને એટલે કે તેમના જેવા પોતાના શુદ્ધસ્વરૂપનું ધ્યાન કરીને આ આત્મા પણ તેમના જેવો શુદ્ધ થઈ જાય છે. આ રીતે ભિન્નમાંથી અભિન્નમાં આવી જાય, પરલક્ષ છોડીને સ્વતત્ત્વને લક્ષમાં લ્યે ત્યારે તેની ભિન્ન–ઉપાસના પણ સાચી કહેવાય; ને તે પોતે ઉપાસ્ય જેવો પરમાત્મા બની જાય. પણ એકલા પર સામે જ જોયા કરે તો તેને ભિન્ન ઉપાસના પણ સાચી થતી નથી, ને તેનું ખરૂ ફળ તે પામતો નથી.

વળી પ્રવચનસાર ગા ૮૦માં પણ કહ્યું છે કે–

**જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણેથી સર્વતઃ શુદ્ધ એવા ભગવંત અરિહંતદેવના આત્માને ઓળખતાં, તેના જેવા પોતાના શુદ્ધ સ્વરૂપને પણ જીવ ઓળખી લ્યે છે, એટલે તેનો મોહ નાશ થઈ જાય છે. આ રીતે પરમાત્માને ઓળખીને ઉપાસના કરનાર પોતે પણ પરમાત્મા થઈ જાય છે.

જુઓ, આ પરમાત્માની ઉપાસનાનું ફળ! પણ ઉપાસના કઈ રીતે કરવી? કેવળજ્ઞાની પરમાત્માને પ્રતીતમાં લઈને તેને જ ઉપાસ્ય તરીકે જેણે સ્વીકાર્યા તેણે પોતાના આત્મામાંથી રાગાદિનો કે અલ્પજ્ઞતાનો આદર કાઢી નાંખ્યો, ને પૂર્ણ સામર્થ્યવાન જ્ઞાનસ્વભાવનો જ આદર કર્યો; એ રીતે જ્ઞાનસ્વભાવનો જ આદર કરીને પોતે પોતાના સ્વભાવ તરફ ઝુકી જાય છે. –તે જ અરિહંત–અને સિદ્ધ પરમાત્માની ખરી ઉપાસના છે; અને એ રીતે જ્ઞાનસ્વભાવ તરફ ઝુકીને તેમાં એકાગ્ર થતાં થતાં તે પોતે પણ પરમાત્મા થઈ જાય છે.

જુઓ, ભિન્ન આત્માની ઉપાસનામાં એકલું ભિન્નનું જ લક્ષ નથી, પણ ભિન્ન આત્માનું લક્ષ છોડીને પોતે પોતાના અભિન્ન આત્મા તરફ વળી ગયો ત્યારે જ ભિન્નઆત્માની (અરિહંત–સિદ્ધભગવાનની) ખરી ઉપાસના થઈ. એકલા રાગવડે ભગવાનની ભક્તિ કર્યા કરે ને તે રાગવડે લાભ માને તો તે ખરેખર સર્વજ્ઞ ભગવાનની ઉપાસના કરતો નથી પણ રાગની જ ઉપાસના કરે છે; સર્વજ્ઞની ઉપાસના કરવાની રીત તે જાણતો નથી. ‘સર્વજ્ઞની નીકટતા’ કરીને તેની ઉપાસના કરે કે અહો! આવી સર્વજ્ઞતા! –જેમાં રાગ નહિ, અલ્પજ્ઞતા નહિ, પરિપૂર્ણ જ્ઞાન ને આનંદનું જ જેમાં પરિણમન છે; –મારા આત્માનો પણ આવો જ સ્વભાવ છે; –એમ પ્રતીત કરીને, જ્ઞાનસ્વભાવનું બહુમાન કરીને અને રાગાદિનું બહુમાન છોડીને જ્યાં પોતે પોતાના જ્ઞાનસ્વભાવમાં તન્મય થયો ત્યાં ભાવ અપેક્ષાએ ભગવાન સાથે એકતા થઇ, જેવો ભગવાનનો ભાવ છે તેવો ભાવ પોતામાં પ્રગટયો, એટલે તેણે ભગવાનની ઉપાસના કરી. આ રીતથી જે જીવ સર્વજ્ઞ પરમાત્માની ઉપાસના કરે છે તે પોતે પરમાત્મા થઈ જાય છે.

કેવળીભગવાનની પરમાર્થસ્તુતિનું સ્વરૂપ સમયસારની ૩૧મી ગાથામાં કહ્યું છે, ત્યાંપણ આમ જ કહ્યું છે કે જે જીવ ઈંદ્રિયોથી ભિન્ન પોતાના ઉપયોગસ્વરૂપ આત્માને જાણે છે તે જીતેન્દ્રિય છે, અને તે જ કેવળજ્ઞાનીની પરમાર્થસ્તુતિ છે, જુઓ, આમાં કેવળજ્ઞાની તરફ તો લક્ષ પણ નથી, આત્મા તરફ જ લક્ષ છે, છતાં તેને કેવળજ્ઞાનીની સ્તુતિ કહી છે. પહેલાં તે તરફ લક્ષ હતું ને તેના દ્વારા નિજસ્વરૂપ નક્કી કરીને સ્વ તરફ ઝુકી ગયો–ત્યારે સાચી સ્તુતિ થઈ. પંચપરમેષ્ઠીની પરમાર્થ ઉપાસના આત્માના

આશ્રયે થાય છે, પરના આશ્રયે થતી નથી. વચ્ચે જેટલો રાગ રહી જાય તેટલી તો ઉપાસનાની ખામી છે. સર્વજ્ઞનો નિર્ણય પોતાના જ્ઞાનસ્વભાવના જ આશ્રયે થાય છે. જ્ઞાન અલ્પ હોવા છતાં, તે જ્ઞાનને પૂર્ણજ્ઞાનસ્વભાવ તરફ વાળીને તેમાં સર્વજ્ઞનો નિર્ણય થાય છે. હજી તો જેને સર્વજ્ઞના નિર્ણયની પણ ખબર નથી તેને સર્વજ્ઞની ઉપાસના ક્યાંથી હોય?

અર્હંત અને સિદ્ધ ભગવાનને જેવા પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ પ્રગટરૂપ પ્રસિદ્ધ છે તેવા જ જ્ઞાન ને આનંદરૂપ મારો સ્વભાવ છે, એમ અર્હંત અને સિદ્ધને ધ્યેય બનાવીને તેમના જેવા પોતાના આત્મા તરફ ઢળીને, તેની શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતારૂપ આરાધના વડે જીવ પોતે પરમાત્મા થઈ જાય છે.

અર્હંત અને સિદ્ધ ભગવાનની ઉપાસનાને ભિન્ન ઉપાસના કહી,–પણ તે કયારે? કે આત્મા તરફ વળીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કરે ત્યારે. એટલે ખરેખર તો અભિન્ન ઉપાસનારૂપ નિશ્ચય પ્રગટયો ત્યારે ભિન્ન ઉપાસનાને વ્યવહાર કહ્યો. જે એકલા પર સામે જોયા કરે ને સ્વસન્મુખ ન થાય તેને તો અભિન્ન કે ભિન્ન એક્કેય ઉપાસના થતી નથી, એમ સમજવું. ।। ૯૭।।

અભિન્ન ઉપાસનાનું દૃષ્ટાંત તથા તેનું ફળ હવે કહેશે.

એક માણસને એવી ટેવ કે જો ખુલ્લા આકાશને ન દેખે તો એને મુંઝારો થાય; તેમ રાગની રુચિ આડે પોતાના ખુલ્લા જ્ઞાનગગનને અજ્ઞાની દેખતો નથી એટલે પરભાવના કર્તૃત્વમાં તે મુંઝાઈ રહ્યો છે. રાગથી જુદું ખુલ્લું જ્ઞાન બતાવીને જ્ઞાની તેને કહે છે કે દેખ! આ તારું જ્ઞાન ખુલ્લું જ છે, એ રાગથી ઢંકાઈ નથી ગયું, રાગમાં એકમેક નથી થઈ ગયું; તારા મુક્તસ્વભાવને દેખ, જેથી તારી મુંઝવણ મટશે ને તને તારો આનંદ અનુભવમાં આવશે.

## ટી. બી. ની ઈસ્પિતાલમાં એક પ્રસંગ-

## જ્યાં સંતના દર્શને દેહનાં દર્દ ભૂલાઈ જાય છે,
## ને સ્વાનુભૂતિની ભાવના જાગે છે

ગત આસો માસમાં ગુરુદેવ અમરગઢની ઈસ્પિતાલની મુલાકાતે પધારેલા. ત્યાંના અનેક દરદીઓ ગુરુદેવના દર્શન કરીને આનંદિત થયા...અહા! ઈસ્પિતાલની ટી. બી. ની પથારી વચ્ચે પણ અમને આવા સંતના દર્શન ક્યાંથી!! –એમ તેઓ ઉલ્લાસમાં આવી ગયા ને દેહનું દરદ તો ક્ષણભર ભૂલાઈ ગયું.

તે વખતે રાજસ્થાનના એક જિજ્ઞાસુ ભાઈ, –કે જેઓ ઈસ્પિતાલમાં ટી. બી.ની સારવાર લઈ રહ્યા છે, તેમણે ગુરુદેવને પૂછ્યું– સ્વાનુભૂતિ વખતે અબુદ્ધિપૂર્વક રાગ હોય? ગુરુદેવે જવાબ આપતાં કહ્યું–ભાઈ, એ કાળે અબુદ્ધિપૂર્વક રાગ વર્તે ભલે, પણ સ્વાનુભૂતિમાં તો તે રાગનો અભાવ છે, સ્વાનુભૂતિમાં તો રાગ વગરનો ચૈતન્યમય આત્મા જ પ્રકાશે છે, અબુદ્ધિપૂર્વકનો રાગ પણ સ્વાનુભૂતિથી જુદો જ રહે છે. આ ઉપરાંત જ્ઞાની જ્યારે સ્વાનુભૂતિમાં ન હોય ને બુદ્ધિપૂર્વકનો રાગ વર્તતો હોય ત્યારે પણ તે જ્ઞાની તે રાગને ભિન્નપણે જ જાણે છે, તે રાગ સાથે જ્ઞાનની એકતા તે વખતેય તેમને ભાસતી નથી. પ્રજ્ઞાછીણી વડે જ્ઞાન અને રાગની એકતાને છેદી નાંખી છે, તેમાં ફરીને હવે જ્ઞાનીને એકતા થતી નથી.

ઈસ્પિતાલના બીજા એક ગુજરાતી ભાઈએ પૂછ્યું કે–આ દેહ ઉપર લક્ષ જાય છે ને આત્મા ઉપર લક્ષ કેમ નથી જાતું? ત્યારે ગુરુદેવે સમજાવ્યું કે ભાઈ, આ દેહ અને આત્મા જુદા છે–તેની પહેલાં ઓળખાણ થવી જોઈએ, આત્મા તો જ્ઞાનસ્વરૂપ જાણનાર છે, તે આ શરીરથી ભિન્ન છે. –એમ સત્સમાગમે વારંવાર અભ્યાસ કરે તો આત્મા લક્ષમાં આવે, ને આ દેહબુદ્ધિ છૂટી જાય.

વાહ, ટી. બી. ની ઈસ્પિતાલ વચ્ચેય જ્યાં દર્દીઓ દેહથી ભિન્ન આત્માને યાદ કરે છે, તથા દેહાતીત ને રાગાતીત સ્વાનુભૂતિની ચર્ચા ચાલે છે ને દર્દીઓ દેહની ચિંતા છોડીને હોંશથી તે ચર્ચા સાંભળે છે, –ત્યારે શ્રીમદ્ રાજચંદ્રજીનું એ વચન યાદ આવે છે કે ‘સદ્ગુરુવૈદ્ય સુજાણ’ આત્માને ભવરોગ મટાડવા માટે સદ્ગુરુજ્ઞાની એ જ સાચા વૈદ્ય છે. અને, પરમ શાંતરસથી ભરેલા વીતરાગનાં વચનામૃત એ જ આ ભવરોગને મટાડવાની પરમ ઔષધિ છે. તેના વિચાર ને તેનું ધ્યાન કરવા જેવું છે. જ્ઞાની કહે છે કે હે ભાઈ! દેહને અર્થે તો આત્મા અનંતવાર ગાળ્યો, પણ હવે એકવાર આત્માને અર્થે દેહ એવી રીતે ગાળ કે જેથી ફરીને દેહ મળે જ નહીં.

# ભગવાન મહાવીરનો અહિંસા ધર્મ

## ( તેને બીજા કોઈ સાથે સરખાવશો નહીં )

બંધુઓ, 'અહિંસા' બાબત એક મહત્ત્વનો ખુલાસો સમજવો જરૂરી છે: આજે ઘણા માણસો ( લેખકો ને પત્રકારો પણ ) ગાંધીજીની અહિંસાની વાતોને ભગવાન મહાવીરની અહિંસા સાથે સરખાવે છે, તે સર્વથા અયોગ્ય છે. ભગવાન મહાવીરની અહિંસા તે તો વીતરાગી અહિંસા હતી, તેમાં સર્વેજીવો પ્રત્યે સમભાવ હતો. વાંદરા અનાજ ખાઈ જાય તો તેને મારી નાંખવા, કે અનાજ ન મળે માટે માંસ–માંછલા–ઈંડા ખાવા, અને દુ:ખથી પીડાતા કોઈ જીવને ઝેરના ઈન્જેકશનથી મારી નાંખવો–એવું પ્રતિપાદન 'અહિંસા' માં કદી સંભવી શકે નહીં, એ બધા તો સ્પષ્ટપણે તીવ્રહિંસાના પાપભાવો જ છે. ગાંધીજી જેને અહિંસા કહેતા તેની મર્યાદા બહુ તો રાજકીય હેતુ પૂરતી હતી–રાજકીય યુદ્ધ ન થાય એટલી જ મર્યાદા હતી, વીરની વીતરાગીઅહિંસા તો કોઈ અનેરી છે.....જેમાં પંચેન્દ્રિયવધની તો વાત જ ક્યાં, –પણ એકેન્દ્રિયાદિ જીવોનીયે હિંસાનો સ્પષ્ટ નિષેધ જ છે.

સં. ૧૯૯૫ માં જ્યારે પૂ. ગુરુદેવ રાજકોટમાં બિરાજતા હતા, તે વખતે રાજકોટના સત્યાગ્રહપ્રસંગે ગાંધીજી પણ રાજકોટ આવેલા ને શેઠશ્રી નાનાલાલભાઈ જસાણીના મહેમાન બનેલા, ત્યારે ગુરુદેવના પ્રવચનમાં એકવાર ગાંધીજી આવેલા, તે વખતે ગુરુદેવે મહાવીરની વીતરાગીઅહિંસાનું સ્વરૂપ સમજાવતાં કહેલું કે 'આત્માનો સ્વભાવ રાગ વગરનો છે, તેમાં જેટલી રાગની ઉત્પત્તિ થાય તેટલી હિંસા છે, ને વીતરાગભાવ તે જ ખરી અહિંસા છે..... ' ત્યારે ગાંધીજી તે અહિંસાધર્મનું સ્વરૂપ સમજી શક્યા ન હતા, ને તેમણે કહેલું કે મારું મગજ હવે નવી વાતને ગ્રહણ કરી શકતું નથી.

આ પ્રસંગ એટલા માટે રજુ કર્યો છે કે ભગવાન મહાવીરની કહેલી વીતરાગી–અહિંસાને સૌ યથાર્થ સમજે, ને તેને બીજા કોઈ સાથે સરખાવીને તેમાં વિકૃતિ ન કરે. જેઓ (–જે જૈનપત્રકારો પણ ) મહાવીરની અહિંસા સાથે ગાંધીજી વગેરેની અહિંસાને સરખાવીને બંનેને સમકક્ષમાં મૂકે છે તેઓ ભગવાન મહાવીરના વીતરાગીઅહિંસા માર્ગને સમજ્યા નથી.

**અહિંસા માર્ગના પ્રણેતા અરિહંતોનો જય હો**
**અહિંસા ધર્મનો જય હો.**

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

* “जो तुमको सम्यग्दर्शन प्राप्त करना हो, आत्माकी शान्ति करनी हो तो जरूर सोनगढ आओ, —वहाँ अपूर्व शान्तिका जीवन है।”

( આગરામાં નેમિચંદભાઈ રખિયાલવાળાના ઉદ્‌ગાર )

“સાધર્મીઓને એકબીજા પ્રત્યે અંતરથી સહાનુભૂતિ હોય જ. તેમાંય વૈરાગ્યપ્રસંગે વિશેષ લાગણી જાગે–એ સહજ છે. ભાઈ, સર્વ પ્રસંગે વૈરાગ્યભાવના એ જ ઉપાય અને શરણ છે. ગુરુદેવ કહે છે કે–જીવનું શુદ્ધસ્વરૂપ એવું છે કે જેની ઓળખાણ કરતાં જન્મ–મરણ ટળે ને મોક્ષસુખ મળે. સ્વાનુભવથી જણાય એવો આત્મા છે, ને આવો અનુભવ કરનાર જીવને બીજે ક્યાંય જગતમાં સુખ લાગે નહિ, બીજે ક્યાંય અધિકતા ભાસે નહીં. જન્મ–મરણથી છૂટવા માટે પોતાના આવા શુદ્ધઆત્માને જાણવો જોઈએ.” ( – એક પત્રમાંથી )

* સત્ય નં. ૫૭: ભાઈશ્રી, આપે એક સાથે ઘણા પ્રશ્નો લખ્યા, એની ચર્ચા માટે ખૂબ વિસ્તાર કરવો પડે. આ વિભાગમાં એટલો અવકાશ નથી; તેમજ મતભેદવાળી ચર્ચાઓ આપણે આ વિભાગમાં લેતા નથી. ખાસ કરીને બાળકોના હૃદયમાં ઊઠતા જિજ્ઞાસાના તરંગો, તથા પ્રાથમિક જિજ્ઞાસુઓને માર્ગદર્શન મળે એવી પ્રશ્ન–ચર્ચાઓને આપણે સ્થાન આપીએ છીએ.

( આપના પ્રશ્નોમાંથી બેત્રણ પ્રશ્નો લીધા છે. )

**પ્રશ્નઃ-** નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર જુઠો છે તો વ્યવહારની અપેક્ષાએ નિશ્ચયને જુઠો કહી શકાય કે નહીં?

**ઉત્તરઃ-** જેમ આત્માની અપેક્ષાએ વિકાસ હેય છે, તેમ વિકારની અપેક્ષાએ આત્મા હેય છે– એમ જો કોઈ કહે તો તે જેમ તદ્‌ન વિપરીત છે, એવો, જ ઉપરનો પ્રશ્ન છે. ભાઈશ્રી, નિશ્ચયને એટલે કે શુદ્ધઆત્માને ઉપાદેય કરીને વ્યવહારને હેય કરવો તેમાં તો જીવને શુદ્ધતાનું પ્રયોજન સધાય છે, મોક્ષમાર્ગ સધાય છે; ત્યારે નિશ્ચયને જુઠો કહેવો તેમાં તો શુદ્ધઆત્માનો સીધો અનાદર છે. એનાથી કોઈ જ પ્રયોજન સધાતું નથી; પણ ઉલટું અહિત થાય છે. માટે ઉપરનું પ્રતિપાદન નિષ્પ્રયોજન છે.

**પ્રશ્નઃ-** અકાળમરણ એટલે શું?

**ઉત્તરઃ-** આયુષ્યકર્મ બંધાયું તે વખતે

તેના નિષેકોની રચનાનો એવો એક પ્રકાર છે, તેને ઉદીરણામરણ પણ કહે છે. પણ તેથી કરીને વર્તમાન આયુષ્યની જેટલી સ્થિતિ હતી તે ઘટી ગઈ–એમ નથી. તેમજ તે જીવને તે મૃત્યુનો કાળ ન હતો ને છતાં મરણ થઈ ગયું–એમ 'અકાળમરણ' નો અર્થ નથી. અકાળમરણ પણ આયુના ક્ષયથી જ થાય છે.

**પ્રશ્નઃ-** જો શરીરથી ધર્મ ન થતો હોય તો દેવો પણ મનુષ્યપર્યાયની ઇચ્છા કેમ કરતા હશે ?

**ઉત્તરઃ-** ધર્માત્મા દેવો ખરેખર મનુષ્ય દેહની ઇચ્છા નથી કરતા. પણ મનુષ્યઅવતારમાં આત્માની ઉગ્ર આરાધના કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિદશાની ને કેવળજ્ઞાનની ભાવના કરે છે. દેવો પણ મનુષ્યદેહને વાંછે છે. ' એમ ક્યાંક લખ્યું હોય તો તેનો ભાવાર્થ એમ સમજવો કે મનુષ્ય થઈને આત્માની ચારિત્રદશાને આરાધવાની ભાવના તેઓ ભાવે છે.

**પ્રશ્નઃ-** દરરોજ સરેરાશ કેટલા જીવો મોક્ષમાં જાય ?

**ઉત્તરઃ-** છ મહિના ને આઠ સમયે ૬૦૮ જીવો મોક્ષમાં જવાનો નિયમ છે; તે હિસાબે મોક્ષમાં જનાર જીવોની સરેરાશ દરરોજ ત્રણ કરતાં થોડી વધુ, ત્રણ દિવસે લગભગ દશ જેટલી ) છે. મહિને સરેરાશ એકસો એક જેટલી થાય. જો કે એ રીતે દરરોજ અથવા મહિને એટલા જીવો મોક્ષમાં જાય–એમ નથી, પણ એકંદર છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવો મોક્ષ જાય છે.

**પ્રશ્નઃ-** એક સમયમાં એક સાથે વધુમાં વધુ કેટલા જીવો મોક્ષમાં જાય ?

**ઉત્તરઃ-** ૧૦૮ ( એકસો ને આઠ )

**પ્રશ્નઃ-** કોઈ જીવ મોક્ષ ન પામે–એવો સમય વધુમાં વધુ કેટલો હોય ?

**ઉત્તરઃ-** છ મહિના.

* સોનગઢમાં રહેતા અને ભાવનગરની કોલેજમાં અભ્યાસ કરતા એક ઉત્સાહી સભ્ય લખે છે કે–આપણા માટે એ ઘણા હર્ષની વાત છે કે આપણું ધાર્મિક મિત્રમંડળ બે હજારની સંખ્યા સુધી પહોંચી રહ્યું છે, અને હજી પણ દિનેદિને તેની સંખ્યા વધતી જાય છે. જિનવરના સંતાનોનું આ બાળ–મિત્રમંડળ એ એક અજાયબી જેવું છે. ગુરુદેવના પ્રતાપે એક વખત એવો હશે કે જ્યારે ભારતનો એકેએક જૈનબાળક આપણા આ મિત્રમંડળનો સભ્ય હશે. જો કે આત્મધર્મ દ્વારા આપણને દર મહિને પ્રેરણા મળતી રહે છે, પરંતુ આપણી સભ્ય સંખ્યા જોતાં આપણને પંદર દિવસે કે આઠ દિવસે પ્રેરણા મળે એવું કોઈ સાહિત્ય બહાર પડે તો ઘણો લાભ થાય. તે માટે આપણા સંપાદકશ્રીને તેમજ સંસ્થાને આપણી બધાની વિનંતી છે.

(સાથે ગુરુમહિમા સૂચક એક કોયડો મળેલ છે, તે વિશેષ લાંબો હોવાથી લઈ શકાયો નથી. બીજા ટૂંકા કોયડા મોકલો. તમારી ભાવના માટે આભાર!)

**પ્રશ્નઃ-** એક ઠેકાણે વાંચેલ કે ત્રણ રત્નમાંથી સમ્યગ્દર્શન ચાલ્યું જાય તો બાકી કેટલા રહે? –તો શું સમ્યગ્દર્શન થયા પછી ચાલ્યું જાય ખરું? (R.P.Jain વીંછીયા)

**ઉત્તરઃ-** સમ્યગ્દર્શન પામ્યા પછી પાછો ચૈતન્યને ભૂલીને કોઈ જીવ મિથ્યાદ્રષ્ટિ થઈ જાય તો તેનું સમ્યગ્દર્શન ચાલ્યું પણ જાય. (પણ એ નિયમ છે કે તે જીવ ફરી પાછો અમુક કાળે સમ્યગ્દર્શન પામે જ, ને મોક્ષમાં જાય જ.)

**પ્રશ્નઃ-** સમ્યગ્દર્શન થયા પછી પાપ કરે તો શું થાય?

**ઉત્તરઃ-** સમ્યગ્દર્શન થયા પછી એવા તીવ્ર પાપ તો હોય જ નહિ કે નરકાદિનું આયુષ બંધાય; અસ્થિરતા પૂરતા જે પાપ–પરિણામ હોય તે ઘણા જ મંદ હોય છે, અને તે પરિણામ તેના સમ્યક્ત્વને બાધા પહોંચાડી શકતા નથી. સમ્યક્ત્વના પ્રતાપે અનંતગુણમાં જે શુદ્ધિ થઈ છે તે તો તે વખતેય વર્તી રહી છે.

**પ્રશ્નઃ-** કેટલા ભવે મારો મોક્ષ? (Gunvant Jain ખાંભા)

વાહ રે વાહ! તમે ખરા પ્રશ્નકાર નીકળ્યા ભાઈ! વ્યક્તિગત રીતે તો તમારા પ્રશ્નનો ઉત્તર હું ક્યાંથી આપી શકું? પરંતુ સૈદ્ધાન્તિક રીતે ઉત્તર એ છે કે આત્માની ખરી લગનીથી સમ્યગ્દર્શનાદિનો સાચો પ્રયત્ન કરીએ તો ઘણા જ થોડા ભવમાં આપણો મોક્ષ થાય.

આ પ્રશ્ન ઉપરાંત તમે નીચેનું સુંદર લખાણ લખ્યું છે (શેમાંકથી જોઈ જોઈને) તે બદલ ધન્યવાદ!

“જેમ ડુંગર ઉપર વીજળી પડે અને તેના સેંકડો કટકા થઈ જાય તે રેણ દીધે સંધાય નહિ, તેમ એકવાર પણ જીવ જો ભેદવિજ્ઞાન પ્રગટ કરે તો તેની મુક્તિ થાય ને તેને ફરીથી અવતાર રહે નહીં; માટે તે ભેદવિજ્ઞાન નિરંતર ભાવવાયોગ્ય છે. જેમ તલવારને સજ્જ કરે તેમ જ્ઞાનજ્યોતિ સારી રીતે સજ્જ થઈ છે એટલે કે તૈયાર થઈ છે. એવી તૈયાર થઈ કે કેવળજ્ઞાન લીધે છૂટકો. કેવળજ્ઞાન લેવામાં વચ્ચે બીજું કાંઈ આવવાનું નથી. જ્ઞાનજ્યોતિ પ્રગટી તે પ્રગટી, હવે અખંડ ધારાએ કેવળજ્ઞાન સુધી પહોંચી જવાની. ધર્માત્મા હાલતાં–ચાલતાં–ખાતાં–પીતાં આત્માને નથી ભૂલતા, કદાચ દેહનું નામ ભૂલશે પણ આત્માને નહિ ભૂલે.”

**પ્રઃ-** ज्ञानीको पहचानने की क्या रीत? (M.K.Jain ખૈરાગઢ)

**ઉઃ-** જ્ઞાન અને રાગ એ બંનેની ભિન્નતા પોતાના ખ્યાલમાં આવે તો જ્ઞાનપરિણતિવાળા જ્ઞાનીની ઓળખાણ થઈ શકે–કે રાગથી ભિન્ન આવી જ્ઞાનપરિણતિરૂપે જ્ઞાનીનો આત્મા પરિણમી રહ્યો છે. અને વ્યક્તિગત રીતે ‘આ જીવ જ્ઞાની છે’ એમ તેમના સત્સંગપરિચયથી,

તેમની આત્મપ્રધાન વાણીથી, તેમના ચૈતન્યઉત્સાહથી, તેમની કોઈ વિશિષ્ટ વીતરાગી–આત્મચેષ્ટાથી ઓળખાય છે. જ્ઞાનીને ઓળખવા માટે પણ ખાસ મુમુક્ષુતા હોય છે. યથાર્થ લક્ષે જ્ઞાનીને ઓળખતાં મહાન આત્મલાભ થાય છે.

**प्रः-** परवस्तुको अपना मानते हैं वह भूल हमारी किस उपायसे टले?

**ઉઃ-** સત્સમાગમ દ્વારા ચેતન અને જડના ભિન્ન લક્ષણો જાણીને, વારંવાર તેનો અભ્યાસ કરવાથી જ્યારે સ્વ–પરનું બરાબર ભેદજ્ઞાન થાય છે ત્યારે જીવ પોતાને શુદ્ધચેતનારૂપે જ અનુભવે છે, ને ત્યારે પરવસ્તુને તે જરાપણ પોતાની માનતો નથી. –આ રીતે ભેદજ્ઞાન વડે ભૂલ ટળે છે.

**પ્રશ્નઃ-** આઠ કાટખૂણાવાળી એક આકૃતિ જેને જૈનો માંગલિક માને છે, હીટલર પણ જેને પોતાનું ચિહ્ન માનતો, જે ચાર ગતિનો અભાવ અને અરહંતદેવના ચતુષ્ટયની દર્શક છે; એના મધ્યબિંદુથી નીચે મુજબ લીટીઓ નીકળે છેઃ–

(૧) ઊંચે જઈને આડી થાય. (૨) આડી થઈને નીચે જાય.
(૩) નીચે જઈને પાછી જાય. (૪) પાછી વળીને ઉપર જાય.

–એ આકૃતિ કઈ? (K.M.Jain સોનગઢ)

**ઉત્તરઃ-** 卐

**પ્રશ્નઃ-** તમે મુનિઓને માનો છો?

**ઉત્તરઃ-** જી હા; ઘણી જ ભક્તિથી. પૂ. શ્રી કાનજીસ્વામી તો પ્રવચનમાં રોજેરોજ કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રસ્વામી, વીરસેનસ્વામી, સમન્તભદ્રસ્વામી વગેરે દિગંબર મુનિવરોને અતિશય ભક્તિપૂર્વક યાદ કરી કરીને તેમનો મહિમા ને વંદન કરે છે; એવા સંત મુનિરાજના દર્શનની રોજ ભાવના ભાવે છે ને એવા કોઈ મુનિરાજ દર્શન આપે તો પરમ ભક્તિથી એમના ચરણ સેવીએ–એમ વારંવાર કહે છે. ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હશે કે તેઓએ ભક્તિપૂર્વક મુનિઓને યાદ ન કર્યા હોય! પણ, અત્યારે એવા સાચા મુનિરાજના દર્શન જ અહીં દુર્લભ થઈ ગયા છે, –ત્યાં શું થાય! અરે, આઠ વર્ષના બાળક પણ દિગંબર મુનિ થઈને આત્માના આનંદમાં ઝુલતા હોય–તેનો જે અપાર મહિમા ગુરુદેવ સમજાવે છે તે સાંભળતાં તે મુનિરાજ પ્રત્યે ભક્તિથી મુમુક્ષુના રોમરોમ ઉલ્લસી જાય છે.

**પ્રશ્નઃ-** શરીરને કષ્ટ આપ્યા વગર મોક્ષ જવાય?

**ઉત્તરઃ-** આ પ્રશ્ન જીવ અને શરીરની ભિન્નતાના ભેદજ્ઞાનનો અભાવ સૂચવે છે. ભાઈ, મોક્ષ આપણે જવું ને તેને માટે કષ્ટ શરીરને દેવું–એ ક્યાંનો ન્યાય? શરીર તો જડ છે, એને કષ્ટ શું? ને સુખ શું? કંઈ શરીરને કષ્ટ દેવાથી મોક્ષ થવાનું ભગવાને નથી કહ્યું, ભગવાને તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધનાથી મોક્ષ થવાનું કહ્યું છે; ને તે આરાધના તો બહુ જ આનંદકારી છે, તેમાં કાંઈ કષ્ટ નથી. એવી આરાધના કરનાર જીવને શરીરનો મોહ રહેતો નથી.

* મુ. શ્રી મગનલાલભાઈ (ટ્રસ્ટી) સુરેન્દ્રનગરથી પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે– "આત્મધર્મ અંક ૨૮૬માં નવ બહેનોએ આજીવન બ્રહ્મચર્યવ્રત લીધાનું જાણ્યું. તે વાંચી ખૂબ આહ્લાદ થયો. પૂ. ગુરુદેવશ્રીના ઉપદેશનું પાન કરીને અને બેનશ્રી–બહેનોનાં સાન્નિધ્યમાં રહીને જે બેનોએ શીલ આદર્યું છે તે સૌને મારા હૃદયના અભિનંદન."

વિશેષમાં તેઓશ્રી લખે છે– "આત્મધર્મ બધી રીતે સમૃદ્ધ બન્યું છે. તમે તેમાં તમારું જીવન અને કળા રેડયાં છે; તમારી શ્રુતજ્ઞાન–પ્રત્યેની ભક્તિને મારા અંતરના અભિનંદન."

"આત્મધર્મનું ભેટ પુસ્તક 'શ્રાવકધર્મપ્રકાશ' વાંચ્યું. તેમાં સમયસાર કલશ ૨૧૧ ઉપરનું પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન (સ્વતંત્રતાની ઘોષણા) અવગાહ્યું છે. પૂ. ગુરુદેવશ્રીએ દ્રવ્યની સ્વતંત્રતા અને તેના ગુણોની સ્વતંત્રતાના અદ્‌ભુત ન્યાયો આપ્યા છે. આ કળિકાળમાં આપણા સૌનાં પુણ્યયોગે આપણને આ મહાન વિભૂતિનો ભેટો થયો છે. –જેટલો પરમાર્થ સાધીએ તે પરમ શાંતિનું કારણ છે." (તેમના પત્રમાંથી)

* N. ૨૧૫: 'આસો વદ ચોથે' તમે ધર્માત્માઓ પ્રત્યે ભક્તિપૂર્વક સમ્યક્‌ત્વની અને ધર્માત્માઓ જેવા મંગલ જીવનની ઉત્તમ ભાવનાઓ ભાવી તેમાં અમારી અનુમોદના છે. ખરું જ છે કે પ્રત્યક્ષભૂત ધર્માત્માઓનું જીવન આપણને આત્મબોધ આપી રહ્યું છે. એમનું દર્શન પણ આત્મહિતની પ્રેરણા આપનારું છે.

* ઉત્તર પ્રદેશ–મુઝફરનગરથી ભાઈશ્રી ઉગ્રસેનજી જૈન B.A.B.T. નિવૃત્ત અધ્યાપક ભાવભીની લાગણી વ્યક્ત કરતાં ગુરુદેવ ઉપર લખે છે કે– "પરમ પૂજ્ય ગુરુદેવશ્રી, આપશ્રીકે ઉપદેશને જો આધ્યાત્મિક ક્રાન્તિ મેરેમેં ઉત્પન્ન કી ઉસકે લિયે મૈં આભાર વાસ્તવિક રીતિસે કિસ પ્રકાર પ્રગટ કરું?

અભાગા મૈં ઐસા હૂં કિ આજ તક ભી સોનગઢમેં ઉસ અમૃતવર્ષાકા પાન કરને કો ન આ સકા! કેવલ આત્મધર્મ સે હી–ઉસકે જન્મ દિવસસે, તથા સોનગઢકે સમસ્ત ગ્રંથોકે અવલોકનસે લાભ લિયા. સન ૧૯૫૭ મેં તીર્થરાજ શ્રી સમ્મેદશિખર વ દેહલીમેં, તથા દો વર્ષ પશ્ચાત્ શ્રવણબેલગોલ તથા મૈસૂરમેં આપશ્રીકી અમૃતવાણીકી પ્રાપ્તિ મુઝે હુઈ.

આપકી વાણી વીતરાગમાર્ગકે બન્દ કપાટોંકો ખોલકર નિકટ ભવ્ય જીવોકો આત્મતત્ત્વ પ્રાપ્ત કરાનેમેં રામબાણકે સમાન હૈ. પં. બંસીધરજી ઇન્દૌરવાલોંકે શબ્દોંકે અનુસાર આપ જ્ઞાનકે સમુદ્ર હૈં. આપને વ્યવહારવિમૂઢ જગતકી પરાશ્રયકી શ્રદ્ધા છુડાકર અવિચલદૃષ્ટિ રખનેકા માર્ગ ઉસકે લિયે સુગમ તથા સુબોધ કર દિયા."

# શ્રીમદ્–રાજચંદ્ર જન્મશતાબ્દિ–લેખમાળા ( ૨ )

સં. ૧૮૨૪માં કારતક સુદ પૂર્ણિમાએ વવાણીયા ( મોરબી ) માં જન્મીને સૌરાષ્ટ્ર–ગુજરાતમાં અધ્યાત્મધારા વહેવડાવનાર આત્મજ્ઞસંત શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મને આ કારતક સુદ પૂર્ણિમાએ સો વર્ષ પૂર્ણ થઈને ૧૦૧ મું વર્ષ શરૂ થશે. આજે તો તેઓ આપણી સમક્ષ નથી પણ આત્માની મુમુક્ષુતાને જગાડનારા તેમનાં વચનો આજેય હજારો જિજ્ઞાસુઓ હોંશે હોંશે વાંચે–વિચારે છે. ને તેનું જ થોડુંક દોહન આપણી આ લેખમાળામાં રજાુ થાય છે.

ગતાંકમાં એક લેખમાળા રજુ થયેલી, તે ઉપરાંત બીજા અનેક મુમુક્ષુઓ તરફથી વચનામૃતો મળ્યા છે. જેમાં ખાસ કરીને ડો. પી. વી. શાહ ( સુરત ), ધ્રાંગધ્રા, કેશવલાલ ઉગરચંદ ( રમોસ ), હર્ષદાબેન જૈન ( પાલનપુર ), રાજાબહાદુર જૈન ( ખંડવા ) હેમકુંવરબેન ( ભીલાઈ ) પ્રભાવતીબેન ( ભાવનગર ) મીનાબેન જૈન ( સોનગઢ ) ભીખાલાલ વર્દ્ધમાન ( ગઢડા ) વગેરે તરફથી અનેક વચનામૃતો મળ્યા છે, તેમાંથી સંકલન કરીને ( અને કેટલાક સંપાદક તરફથી ચૂંટીને ) આ લેખમાળામાં ક્રમેક્રમે રજાુ કરવામાં આવશે. જે મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વક આ વચનામૃતો પસંદ કરીને લખી મોકલ્યા છે તેમનો આભાર માનીએ છીએ. ધાર્યા કરતાં ઘણાં વધુ વચનામૃતો પ્રાપ્ત થયા છે, એટલે હવે કારતક સુદ પુનમ પછી ન મોકલવા વિનંતી છે.

એક વાત આજે યાદ આવે છે. સં. ૧૯૪૬ થી ૧૯૫૭ એ ૧૧ વર્ષ દરમિયાન શ્રીમદ્ રાજચંદ્રજી અને પૂ. શ્રી કાનજી સ્વામી–એ બંને એક સાથે આ સૌરાષ્ટ્રની ધરતીને પાવન કરતા હતા.....બંનેની વય વચ્ચે માત્ર ૨૨ વર્ષનું જ અંતર છે. એ રીતે ૧૧ વર્ષ સુધી બંનેનું સમકાલીનપણું હતું. ને ભાવ અપેક્ષાએ પણ સમ–ભાવીપણું છે. આપણા 'આત્મધર્મ' નું એ એક ગૌરવ છે કે આજે 'રજતજયંતિ' વર્ષમાં પ્રવેશકાળે એ બંને મહાત્માઓનાં વચનામૃતને એકસાથે તે રજુ કરી રહ્યું છે. ( – બ્ર. હ. જૈન )

( ૧ ) જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્મપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે તે તીર્થંકરદેવને, સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ. ( ૪૩૬ )

( ૨ ) શ્રી જિન વીતરાગે દ્રવ્ય–ભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કહી છે; અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે, તે શ્રી જિનવીતરાગના ચરણકમળ પ્રત્યે અત્યંત ભક્તિથી નમસ્કાર. ( ૫૮૮ )

( ૩ ) અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે; જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે, તથાપિ જે કંઈ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી.” ( ૧૯૪ )

( ૪ ) જો કોઈ આત્મજોગ બને તો, આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે...... આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે. ( ૫૬૯ )

( ૪અ ) આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે–એવો પરમપુરુષે કરેલો નિશ્ચય તે પણ અત્યંત પ્રત્યક્ષ છે.

( ૫ ) આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું. ( ૮૫ )

( ૬ ) આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો, તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો ‘માર્ગ’ પ્રાપ્ત કરવો દુષ્કર હોય, એમાં આશ્ચર્ય નથી. તથાપિ, જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી તે આ કાળને વિષે પણ અવશ્ય તે માર્ગને પામે છે. ( ૭૨૭ )

( ૭ ) શ્રી ઋષભદેવજી ભગવાનનો ૯૮ પુત્રોને ઉપદેશઃ–

હે આયુષ્યમાનો ! આ જીવે સર્વ કર્યું છે, એક આ વિના.....તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યા નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યા નથી. ( ૧૯૪ )

( ૮ ) જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો કે જે કાંઈ મારે કરવું છે તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે. ( ૬૦૯ )

( ૯ ) સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે, એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે. ( ૬૭૦ )

( ૧૦ ) અનિયમિત અને અલ્પ આયુષ્યવાળા આ દેહે આત્માર્થનો લક્ષ સૌથી પ્રથમ કર્તવ્ય છે. ( ૭૧૨ )

( ૧૧ ) આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો. જે થવા યોગ્ય હશે તે થઈ રહેશે, અને આકુળતા કરતાં પણ જે થવા યોગ્ય હશે તે થશે, તેની સાથે આત્મા પણ અપરાધી થશે.

( ૧૨ ) પરમાત્મા એમ કહે છે કે–તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના

પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે–એમ ન માનો. ( ૨૨૩ )

( ૧૩ ) પરમાત્મામાં પરમ સ્નેહ, ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તોપણ કરવો યોગ્ય જ છે.

( ૧૪ ) દેહધારીને વિટંબના એ તો એક ધર્મ છે, ત્યાં ખેદ કરીને આત્મવિસ્મરણ શું કરવું ? ( ૧૩૪ )

( ૧૫ ) 'હું શરીર નથી પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું, તેમ નિત્ય શાશ્વત છું; આ વેદના માત્ર પૂર્વકર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી; માટે ખેદ કર્તવ્ય નથી' –એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે. ( ૯૨૭ )

( ૧૬ ) સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યા નથી, અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યા નથી, એમ શ્રી તીર્થંકર કહે છે. ( ૪૫૪ )

( ૧૭ ) જ્ઞાનીપુરૂષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી, અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી; બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે. ( ૫૦૯ )

( ૧૮ ) અમારા ચિત્તમાં તો એમ આવે છે કે મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળદશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે. ( ૪૯૨ )

( ૧૯ ) સર્વ જગતના જીવો કંઈને કંઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે; મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ–પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે. અને મેળવવામાં સુખ માને છે.–

–પણ અહો ! જ્ઞાનીઓએ તો તેનાથી વિપરીત જ સુખનો માર્ગ નિશ્ચિત કર્યો કે– 'કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે. ' ( ૮૩૨ )

( ૨૦ ) જ્ઞાનીપુરુષ પ્રત્યે અભિન્નબુદ્ધિ થાય, એ કલ્યાણ વિષેનો મોટો નિશ્ચય છે. ( ૪૭૦ )

( ૨૧ ) જ્ઞાનીપુરુષનો નિશ્ચય થઈ અંતરભેદ ન રહે તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે, એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે ? ( ૬૪૨ )

( ૨૨ ) મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે. ( ૮૨૬ )

( ૨૩ ) જ્ઞાનીપુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી. અને જે કોઈ અંતર માને છે તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. ( ૨૨૩ )

( ૨૪ ) જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. ( ૨૨૩ )

( ૨૫ ) કોઈ પણ જીવને અવિનાશીદેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યું નથી, તથા સંભવતું નથી; અને મૃત્યુનું આવવું અવશ્ય છે; એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે; તેમ છતાં પણ આ જીવ તે વાત ફરીફરી ભૂલી જાય છે, એ મોટું આશ્ચર્ય છે. ( ૫૬૮ )

( ૨૬ ) અચિંત્ય જેનું માહાત્મ્ય છે એવું સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવ દરિદ્ર રહે એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું આશ્ચર્ય છે. ( ૯૩૬ )

( ૨૭ ) જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાનીપુરુષો કહી ગયા છે, –જે વાત જરૂર આપણે વિચારવા યોગ્ય છે. ( ૩૭૪ )

( ૨૮ ) વ્યાવહારિક ચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું, એ એક માર્ગ પામવાનું સાધન છે. ( ૧૯૨ )

( ૨૯ ) બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી;– તો પછી ધર્મ–પ્રયત્નમાં, આત્મિકહિતમાં અન્ય ઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ? ( ૪૭ )

( ૩૦ ) અત્યંત દુષમકાળ છે તેને લીધે, અને હતપુણ્યલોકોએ ભરતક્ષેત્રે ઘેર્યું છે તેને લીધે, પરમસત્સંગ સત્સંગ કે સરળપરિણામી જીવોનો સમાગમ પણ દુર્લભ છે, –એમ જાણી અલ્પકાળમાં સાવધાન થવાય તેમ કરવું ઘટે છે. ( અભ્યંતર પરિણામ–અવલોકન )

( ૩૧ ) જ્ઞાનીપુરુષનાં વચનનો દ્રઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય. ( ૫૬૦ )

( ૩૨ ) જ્ઞાનીપુરુષના દ્રઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે. ( ૫૬૦ )

( ૩૩ ) સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ તથા માનાદિનું પાતાળાપણું, એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી. ( ૫૨૭ )

( ૩૪ ) અસાર અને કલેશરૂપ આરંભપરિગ્રહના કાર્યમાં વસતાં જો આ જીવ કંઈ પણ નિર્ભય કે અજાગૃત રહે તો ઘણાં વર્ષનો ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય એવી દશા થઈ આવે છે, એવો નિત્ય પ્રત્યે નિશ્ચય સંભારીને, નિરૂપાય પ્રસંગમાં, કંપતા ચિત્તે, ન જ છૂટકે, પ્રવર્તતું ઘટે છે, –એ વાતનો મુમુક્ષુ જીવે કાર્ય કાર્ય ક્ષણેક્ષણે અને પ્રસંગેપ્રસંગે લક્ષ રાખ્યા વિના મુમુક્ષુતા રહેવી દુર્લભ છે. અને એવી દશા વેદ્યા વિના મુમુક્ષુપણું પણ સંભવે નહીં. ( ૫૬૧ )

( ૩૫ ) જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં; કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે. ( ૫૭૦ )

( ૩૬ ) મને એમ લાગે છે કે જીવને મૂળપણે જોતાં, જો મુમુક્ષુતા આવી હોય તો નિત્ય પ્રત્યે તેનું સંસારબળ ઘટયા કરે.

સંસારમાં ધનાદિ સંપતિ ઘટે કે નહીં તે અનિયત છે, પણ સંસારપ્રત્યે જે જીવની ભાવના તે મોળી પડયા કરે, અનુક્રમે નાશ પામવા યોગ્ય થાય.

(૩૭) જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું કયારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણક છે. (૧૯૯)

(૩૮) જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કાંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે. (૨૭૪)

(૩૯) અસત્સંગ અને અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી.

(૪૦) આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણેક્ષણે ભાસ્યા કરે, એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. (૪૯૮)

(૪૧) એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે;– તે કયો? અને કેવા પ્રકારે? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે. (૪૭૧)

(૪૨) સત્ એ કાંઈ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે. (૨૧૧)

(૪૩) જેને (સત્) પ્રાપ્ત કરવાની દ્રઢ મતિ થઈ છે, તેણે પોતે કાંઈ જ જાણતો નથી– એવો દ્રઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્' ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું. તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. (૨૧૧)

(૪૪) આ જે વચનો લખ્યાં છે તે સર્વે મુમુક્ષુને પરમ બાંધવરૂપ છે; એ તમને અને કોઈ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે. (૨૧૧)

(૪૫) માત્ર જ્ઞાનીને ઈચ્છે છે ઓળખે છે અને ભજે છે, તે જ તેવો થાય છે, અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવા યોગ્ય છે. (૩૫૫)

(૪૬) આત્મહેતુભૂત એવા સંગ વિના સર્વ સંગ મુમુક્ષુજીવે સંક્ષેપ કરવો ઘટે છે, કેમકે તે વિના પરમાર્થ અવિર્ભાવ થવો કઠણ છે. (૬૫૩)

(૪૭) આરંભ–પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષના વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે. (૭૮૩)

(૪૮) જે કાંઈ પ્રિય કરવા જેવું છે તે જીવે જાણ્યું નથી, અને બાકીનું કાંઈ પ્રિય કરવા જેવું નથી, આ અમારો નિશ્ચય છે. (૧૯૮)

(૪૯) વિશાળબુદ્ધિ મધ્યસ્થતા સરળતા અને જિતેન્દ્રિયપણું–આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે (૪૦)

(૫૦) પ્રથમ મનુષ્યને યથાયોગ્ય જિજ્ઞાસુપણું આવવું જોઈએ છે; પૂર્વના આગ્રહો અને અસત્સંગ ટળવા જોઈએ છે. એ માટે પ્રયત્ન કરશો. (૧૭૮) (અનુસંધાન પૃષ્ઠ ૩૭)




## વીરતણાં સન્તાન

(૧) નિજ સ્વરૂપને જાણજો કરજો આતમજ્ઞાન,
ચેતીને ચાલો તમે છો વીરતણાં સન્તાન.
(૨) જિનવર દર્શન નિત કરી, કરજો આતમજ્ઞાન,
જિન–મારગમાં ચાલજો..ઓ..વીરતણાં સન્તાન.
(૩) વીતરાગવાણી સૂણી કરજો આતમજ્ઞાન,
સત્ય પુરુષારથ કરો ઓ...વીરતણાં સન્તાન.
(૪) ગુરુચરણ સેવા કરો જ્ઞાનીનું બહુમાન,
ભવનો છેડો પામવા ઓ...વીરતણાં સન્તાન.
(૫) રત્નત્રયને પામજો લેજો કેવળજ્ઞાન,
સિદ્ધપદ સાધક તમે છો વીરતણાં સન્તાન.
(૬) સાધર્મીની પ્રીતડી, સ્વાધ્યાય ને વળી દાન,
ભાવો ઊંચી ભાવના......છો વીરતણાં સન્તાન.
(૭) બહિરભાવ સ્પર્શે નહિ, જુદે જુદું જ્ઞાન,
ભેદજ્ઞાન જાગૃત કરો હો વીરતણાં સન્તાન.
(૮) અનંતશક્તિ આત્મની કરજો એનું ભાન,
ભવભ્રમણથી છૂટવા, છો વીરતણાં સન્તાન.
(૯) અભેદમાં ભેદ ન કરો, અનુભૂતિ એકતાન,
ઉપયોગ અંતર્મુખ કરો ઓ....વીરતણાં સન્તાન.
(૧૦) સભ્યો બાલવિભાગના ગાવો ગુરુનાં ગાન,
સમકિત પામીને થજો સૌ જિનવરનાં સન્તાન.

(ચંદ્રાબેન જૈન સ. નં. ૨ રાજકોટના કાવ્ય ઉપરથી)

બંધુઓ, દીપાવલીપર્વ આનંદથી ઉજવ્યું હશે. અહીં અમે સોનગઢમાં તો દેવ–ગુરુની છાયામાં બહુ આનંદથી ઉજવ્યું છે. શ્રીમહાવીર ભગવાનનાં ભાવભીનાં પૂજન–ભક્તિ કર્યા....વીરપ્રભુ મોક્ષ પધાર્યા તેનું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું....ને આપણે પણ વીરપ્રભુના એ મોક્ષમાર્ગમાં જઈએ એવી ઉત્તમ ભાવનાથી સૌ સાધર્મીઓએ એકબીજાને અભિનંદન કર્યા...આ વર્ષમાં આરાધના માટેની ઊંચી ઊંચી ભાવનાઓ ભાવી...તમે પણ કેવી ઊંચી ઊંચી ભાવનાઓ ભાવી –તે જણાવજો...ને આ વર્ષને આત્મસાધના વડે શોભાવજો.... जय जिनेन्द्र

## નવા પ્રશ્નો

( ૧ ) જીવ અને શરીર, તેમાં રૂપી કોણ ? અને અરૂપી કોણ ?

( ૨ ) મરૂદેવીમાતા, ત્રિશલામાતા, શિવાદેવીમાતા અને અચિરામાતા–એ ચારે માતાજીના પુત્રોને શોધી કાઢો

( ૩ ) ગયા અંકના બાલવિભાગમાં ‘પાંચ ગતિ’ બતાવી હતી; તો–

મહાવીર ભગવાન, સીમંધર ભગવાન અને કુંદકુંદાચાર્યદેવ–એ ત્રણે અત્યારે કઈ ગતિમાં બિરાજે છે ? તે શોધી કાઢો.

( ૪ ) આપણે મોક્ષમાં જશું ત્યારે નીચેની દસ વસ્તુમાંથી આપણી પાસે શું શું હશે ?–
સમ્યગ્દર્શન, પુણ્ય, પાપ, શરીર, દુઃખ, સુખ, આસ્રવ, નિર્જરા, જ્ઞાન, અસ્તિત્વ.

જવાબો વેલાસર નીચેના સરનામે લખવા–
સંપાદક આત્મધર્મ, સોનગઢ ( સૌ. )

## * દીવાળીના દિવસે *

૧. મહાવીરપ્રભુજી મોક્ષ પામ્યા.
૨. ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા.
૩. સુધર્મસ્વામી શ્રુતકેવળી થયા.

## * આ અંકનો કોયડો

ચાર અક્ષરનું નામ છે,
જગજાહેર ભગવાન છે;
પહેલો ને બીજો અક્ષર લેતાં
એક મહિનો બને છે.
ત્રીજો અને ચોથો અક્ષર લેતાં
તેનો અર્થ ‘બહાદૂર’ થાય છે.
બીજો અને ચોથો અક્ષર ભેગો કરતાં
બાળકોને ડોકમાં પહેરવો ગમે છે.
તેમના પ્રતાપે જ દીવાળીને દિવસે
દીવડા પ્રગટે છે....
–એ કોણ ?

( કોયડો મોકલનારઃ પ્રવીણચંદ્ર જૈન નં. ૧૯૩૬ )

## પાંચ વસ્તુ પૂરી કરો

ગતાંકમાં પૂછેલી પાંચ વસ્તુઓ નીચે મુજબ છેઃ–

૯. પાંચ શ્રુતકેવળીઃ વિષ્ણુમુનિ, નંદિમિત્ર, અપરાજિત, ગોવર્ધન, ભદ્રબાહુસ્વામી ( પહેલા )
૧૦. પાંચ શાશ્વતમેરુતીર્થઃ સુદર્શનમેરુ, અચલમેરુ, વિજયમેરુ, મંદરામેરુ, વિદ્યુન્માલીમેરુ
૧૧. પાંચ નામ વીરપ્રભુનાંઃ વર્દ્ધમાન, વીર, અતિવીર, મહાવીર, સન્મતિનાથ
૧૨. પાંચ નામ કુંદપ્રભુનાંઃ પદ્મનંદી, કુંદકુંદ, ગૃદ્ધપિચ્છાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય.

૧૩. પાંચ અનુત્તરવિમાનઃ વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ
૧૪. પાંચ પ્રકારે અર્થઃ શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ, ભાવાર્થ.
૧૫. પાંચ ઇન્દ્રિયોઃ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર.
૧૬. પાંચ વિદેહઃ જંબુદ્વીપમાં, પૂર્વ અને પશ્ચિમ ધાતકી ખંડમાં, પૂર્વ અને પશ્ચિમ પુષ્કરદ્વીપમાં
૧૭. પાંચ તીર્થંકરો અયોધ્યામાં જન્મેલાઃ ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ, અનંતનાથ
૧૮. પાંચ પહાડ– રાજગૃહીનાઃ વિપુલાચલ, રત્નાગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, વૈભારગિરિ
૧૯. પાંચ રત્નો– પ્રવચનસારનાઃ ગાથા ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪, ૨૭૫ (તેને પાંચ રત્નો કહ્યાં છે.)
૨૦. પાંચ રત્નો નિયમસારનાઃ ગાથા ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૧ (તેને પાંચ રત્નો કહ્યાં છે.)

(રાજગૃહીનગરીના પાંચ પહાડમાંથી વિપુલાચલ પર્વત ઉપર મહાવીર ભગવાનની દિવ્યવાણી પહેલવેલી છૂટી હતી, ને ગૌતમસ્વામીને ગણધરપદ થયું હતું. ૨૩ ભગવંતોના સમવસરણ આ નગરીમાં આવ્યા છે. મુનિસુવ્રતનાથના ચાર કલ્યાણક અહીં થયા છે. શ્રમણગિરિને સુવર્ણગિરિ અથવા સોનાગિરિ પણ કહેવાય છે. ષટ્ખંડાગમની ધવલા ટીકામાં તેમજ તિલોયપણ્ણત્તિમાં આ પાંચ પહાડીનાં નામ આ પ્રમાણે આવે છે– (૧) ઋષિગિરિ (૨) વૈભારગિરિ (૩) વિપુલાચલ (૪) છિન્ન અને (૫) પાણ્ડુ. –આ પાંચ પહાડને કારણે રાજગૃહીનગરીનો ‘પંચશૈલનગર’ તરીકે પણ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.)

## હવે નીચેના દસ બોલમાં પાંચમી વસ્તુ પૂરી કરોઃ–

૨૧. (પાંચ અરૂપીદ્રવ્યો) ધર્મ અધર્મ, આકાશ, કાળ.........
૨૨. (પાંચ અસ્તિકાય) જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય.........
૨૩. (પાંચ અજીવદ્રવ્યો) પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ,.........
૨૪. (પાંચ આચાર) દર્શનાચાર, ચારિત્રાચાર, તપઆચાર, વીર્યાચાર,.........
૨૫. (પાંચ વ્રત) અહિંસાવ્રત, સત્યવ્રત, અચોર્યવ્રત, બ્રહ્મચર્યવ્રત,.........
૨૬. (પાંચ આસ્રવો) અવ્રત, પ્રમાદ, કષાય, યોગ,.........
૨૭. (પાંચ પાપ) જૂઠું, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ,.........
૨૮. (પાંચ પાંડવ) યુધિસ્થિર, અર્જુન, નકુલ, સહદેવ,.........
૨૯. (પાંચ ભરતક્ષેત્ર) ધાતકીખંડમાં બે (પૂર્વ ને પશ્ચિમ), પુષ્કરદ્વીપમાં બે.........
૩૦. (પાંચ ઐરવતક્ષેત્ર) જંબુદ્વીપમાં, પૂર્વધાતકીખંડમાં; પશ્ચિમધાતકીમાં, પૂર્વપુષ્કરમાં.........

# જીવની નિત્યતા

## રાજસ્થાનમાં આઠ વર્ષની ‘સોના’ ને પૂર્વજન્મનું જ્ઞાન

પૂર્વભવમાં જુનાગઢની ગીતા ને વર્તમાનમાં વાંકાનેરની રાજુલ, જે હમણાં સાત વર્ષની છે, તેને અઢી વર્ષની વયે પૂર્વજન્મની સ્મૃતિ આવવાનો કિસ્સો આપણે જાણીએ છીએ, ને ઘણાએ તે રાજુલબેનને નજરે પણ જોઈ છે; હમણાં ‘મુંબઈ સમાચાર’ માં પણ આ પ્રકારના એક કિસ્સાનો ઉલ્લેખ આવ્યો છે. તેમાં લખેલ છે કે–સોના નામની આઠ વર્ષની એક બાળાએ પોતાના ગતજન્મની સાચેસાચી વિગતો આપીને સૌ કોઈને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે. બાળાએ પોતાના પૂર્વજન્મ સંબંધે જે કાંઈ કહ્યું હતું તેની સત્તાવાર તપાસ કરતાં તે સાચેસાચું પૂરવાર થયું છે. પૂરેપૂરી તપાસ બાદ કોટાના કલેકટર શ્રી બી. પી. શુદેએ જણાવ્યું હતું કે સોનાએ જે કાંઈ કહ્યું છે તે પૂરેપૂરું સત્ય જ છે તેની મને ખાતરી થઈ છે. પુનર્જન્મનો આ એક ખરો કિસ્સો છે. બેન સોનાએ પોતાના ગતજન્મના મકાનને તેમજ સંબંધીઓને નામ સહિત ઓળખી બતાવ્યા હતા. (સોના તે રાજસ્થાનમાં કોટા જિલ્લાના ખજુરાણા ગામની છે.)

જો કે સોનગઢને માટે આ કોઈ આશ્ચર્યની વાત નથી, કેમકે આરાધકભાવ સહિતના અત્યંત સ્પષ્ટ ધાર્મિક જાતિસ્મરણવાળા જીવો જ્યાં નજરે દેખાતા હોય ત્યાં તેમના લોકોત્તર પવિત્રજ્ઞાન પાસે બીજું જ્ઞાન આશ્ચર્ય ઉપજાવતું નથી, પણ જીવોને આવા ઉદાહરણથી આત્માની નિત્યતા અને પુનર્જન્મની પ્રતીતિ પુષ્ટ થાય તે કારણે આવા બનાવોનો ઉલ્લેખ કરીએ છીએ. બાકી તો ‘આત્મસિદ્ધિ’ માં આત્માની નિત્યતા સરસ રીતે યુક્તિપૂર્વક સિદ્ધ કરતાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે–

દેહ માત્ર સંયોગ છે, વળિ જડ, રૂપી દ્રશ્ય, ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વસ્ય ?
જેના અનુભવવશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન, તે તેથી જુદા વિના, થાય ન કેમેં ભાન.
જે સંયોગો દેખીયે, તે તે અનુભવ દ્રશ્ય, ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ.
જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય, એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય.
કોઈ સંયોગોથી નહીં જેની ઉત્પત્તિ થાય, નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય.
ક્રોધાદી તરતમ્યતા, સર્પાદિકની માંય, પૂર્વજન્મ સંસાર તે, જીવ નિત્યતા ત્યાંય
આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાય પલટાય, બાળાદી વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વેદનાર, વદનો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર.
ક્યારે કોઈ વસ્તુનો, કેવળહોય ન નાશ, ચેતન પાસે નાશ તો, કેમાં ભળે તપાસ

આ રીતે આત્મા નિત્ય છે; અને ક્ષણિકસંયોગી એવા આ શરીરથી તે જુદો છે એમ સમજીને તેને ઓળખવાનો પ્રયત્ન કરવો.

# શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃત

( અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી )

( ૫૧ ) દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહે કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો. ( ૬૯૨ )

( ૫૨ ) દુર્લભયોગ જીવને પ્રાપ્ત થયો, તો પછી થોડોક પ્રમાદ છોડી દેવામાં જીવે મુંઝાવા જેવું અથવા નિરાશ થવા જેવું કંઈ જ નથી. ( ૮૨૯ )

( ૫૩ ) હે આત્મન્! તેં આ મનુષ્યપણું કાકતાલીયન્યાયથી પ્રાપ્ત કર્યું છે તો તારે પોતામાં પોતાનો નિશ્ચય કરીને પોતાનું કર્તવ્ય સફળ કરવું જોઈએ. ( ૧૦૨ )

( ૫૪ ) જે અનિત્ય છે, જે અસાર છે, અને જે અશરણરૂપ છે, તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે? તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે. ( ૮૧૦ )

( ૫૫ ) અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે; જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વે દેહાર્થની કલ્પના છોડી દઈ એકમાત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ. ( ૭૧૯ )

( ૫૬ ) એક ભવના થોડા સુખને માટે અનંત ભવનું દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે. ( ૪૭ )

( ૫૭ ) દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં, પણ એથી અનંતગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંતભવ એકભવમાં ટાળવા છે. ( ૮૪ )

( ૫૮ ) જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ–વ્યવહારમાં વર્તતા હોય તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ, નહિ તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. એ નીતિ મુકતાં પ્રાણ જાય, એવી દશા આવ્યે ત્યાગ–વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે; અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે. ( ૪૯૬ )

( ૫૯ ) ગૃહવાસનો જેને ઉદય વર્તે છે તે જો કંઈ પણ શુભધ્યાનની પ્રાપ્તિ કરવા ઇચ્છતા હોય તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે; જે અમુક નિયમમાં ‘ન્યાય–સંપન્ન આજીવિકાદિ વ્યવહાર’ તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. ( ૮૭૨ )

( ૬૦ ) જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું તેથી રૂડું થયું નથી, કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યાં છે. એ ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે તો અનંત ભવનું સાટું વળી જશે. ( ૩૭ )

( ૬૧ ) ‘સત્’ ને વિષે પ્રીતિ, ‘સત્’ રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવા ‘વૈરાગ્યાદિ ચરિત્રવાળા પુસ્તકો, અને વૈરાગી સરળ ચિત્તવાળા મનુષ્યનો સંગ, અને પોતાની ચિત્તશુદ્ધિ, –એ સારાં કારણો છે. ( ૨૩૮ )

( ૬૨ ) કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે. પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્પુણ્યના યોગથી, વિશુદ્ધમતિથી, તીવ્ર વૈરાગ્યથી અને સત્પુરુષના સમાગમથી તે ઉપાય સમજાવા યોગ્ય છે. તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે. તે પણ અનિયમિત કાળના ભયથી ગૃહીત છે. ત્યાં પ્રમાદ થાય છે એ ખેદ અને આશ્ચર્ય છે. ( ૮૧૬ )

( ૬૩ ) પ્રમાદ પરમ રિપુ છે–એ વચન જેને સમ્યક નિશ્ચિત થયું છે, તે પુરુષો કૃતકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્તવાનું સ્વપ્ને પણ ઇચ્છતા નથી. ( ૮૫૩ )

( ૬૪ ) ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મુકયા વિના આત્મદશા કેમ આવે ?( ૬૪૬ )

( ૬૫ ) લૌકિકદ્રષ્ટિ અને જ્ઞાનીની દ્રષ્ટિને પશ્ચિમ–પૂર્વ જેટલો તફાવત છે. જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે ( જ્ઞાનીની ) દ્રષ્ટિનું આરાધન કર્યું છે તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે, તેના ઉપાયને પામ્યા છે. ( ૮૧૦ )

( ૬૬ ) લૌકિક વિશેષતામાં કાંઈ સારભૂતતા નથી–એમ નિશ્ચય કરવામાં આવે તો માંડ આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે. અથવા થયે તે પર વિશેષ ખેદ કરે. ( ૭૦૬ )

( ૬૭ ) માંડમાંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે, કેમકે વિશેષનો કાંઈ અવશ્ય ઉપયોગ નથી. ( ૭૦૬ )

( ૬૮ ) હે જીવ ! તું ભ્રમા મા. તને હિત કહું છું, સુખ અંતરમાં છે, બહાર શોધવાથી મળશે નહીં. ( ૧૦૮ )

( ૬૯ ) વીતરાગનો કહેલો પરમ શાંતરસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. ( ૫૦૫ )

( ૭૦ ) હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ અનંત સંસારમાં અનંતઅનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુઃખને અનુભવે છે.

( ૭૧ ) અનાદિથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર ( ૮૩૯ )

( ૭૨ ) ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે, તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર્સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતર્સંશોધન કોઈક મહાભાગ્ય સદ્ગુરુઅનુગ્રહે પામે છે. ( ૪૭ )

( ૭૩ ) નિર્ગ્રંથ ભગવાને પ્રરૂપેલા પવિત્ર ધર્મને માટે જે જે ઉપમા આપીએ તે ન્યૂન જ છે, આત્મા અનંતકાળથી રખડયો તે માત્ર એના નિરૂપમ ધર્મના અભાવે. ( ૫૨ )

( ૭૪ ) પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે. ( ૯૦૩ )

( ૭૫ ) પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે. ( ૬૨ )

( ૭૬ ) જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે. ( ૨૦૦ )

( ૭૭ ) જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, તે પુરુષ વિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યા વિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. ( ૪૪૯ )

( ૭૮ ) પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્ગુરુના યોગ વિના નિજસ્વરૂપનું ભાન થવું અશક્ય છે, એમાં સંશય કેમ હોય ? ( ૫૭૫ )

( ૭૯ ) 'અપૂર્વ' પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે. જેનાથી પ્રાપ્ત થાય છે તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે, અને જીવને ભૂલવણી પણ એ જ છે. ( ૮૫ )

( ૮૦ ) સ્વરૂપ સહજમાં છે. જ્ઞાનીના ચરણસેવન વિના અનંતકાળ સુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે. ( ૩૧૫ )

( ૮૧ ) જે વિદ્યાથી ઉપશમગુણ પ્રગટયો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઈ નહીં, તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.

( ૮૨ ) ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય, તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે.

( ૮૩ ) મહાપુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણજિજ્ઞાસા, એ દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે; તેનાથી સ્વરૂપદ્રષ્ટિ સહજમાં પરિણમે છે. ( ૮૬૦ )

( ૮૪ ) ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ; કારણ, વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે?

( ૮૫ ) પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

( ૮૬ ) પ્રમાદ અને લોકપદ્ધતિમાં કાળ સર્વથા વૃથા કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી. ( ૮૪૨ )

( ૮૭ ) અનંતકાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી છે, –આ એક અવાચ્ય અદ્‌ભુત વિચારણાનું સ્થળ છે.

( ૮૮ ) જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિ પદાર્થમાં સાવ માટીપણું જ ભાસે છે. ( ૬૮૮ )

( ૮૯ ) મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેમનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે. ( ૨૧ )

( ૯૦ ) ‘સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ’ એને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે. ( ૨૫૪ )

( ૯૧ ) મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું, ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લ્યે છે. ( ૨૫૪ )

( ૯૨ ) મોટા પુરુષના સંગમાં નિવાસ છે તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ, કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી. ( ૨૪૯ )

( ૯૩ ) બધા કાળમાં તેનું ( સત્સંગનું ) દુર્લભપણું છે, અને આવા વિષમકાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાનીપુરુષોએ જાણ્યું છે. ( ૪૪૯ )

( ૯૪ ) અસંગ એવું આત્મસ્વરૂપ સત્સંગને યોગે સૌથી સુલભપણે જાણવા યોગ્ય છે. ( ૬૭૮ )

( ૯૫ ) સત્સંગનું માહાત્મ્ય સર્વ જ્ઞાનીપુરુષોએ અતિશય કરી કહ્યું છે–તે યથાર્થ છે. ( ૬૬૮ )

( ૯૬ ) જિજ્ઞાસાબળ, વિચારબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્દ્ધમાન થવાને અર્થે જીવને તથારૂપ જ્ઞાનીપુરુષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે. ( ૮૫૬ )

( ૯૭ ) પરમાર્થમાર્ગીનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, – સુખે અથવા દુઃખે. ( ૪૫૯ )

દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવને પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, –તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થમાર્ગી પુરુષને હોય છે.

( ૯૮ ) અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ; અને અસંગતા, એ પ્રિય છે. ( ૨૧૩ )

( ૯૯ ) અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. ( ૨૧૩ )

( ૧૦૦ ) અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામના સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે. ( ૨૧૩ )

જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષનાં વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે. ( ૭૮૧ )

( બીજા જિજ્ઞાસુઓ તરફથી મળેલા વચનામૃતો હવે પછી અપાશે. )

# ‘જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું’

૧૦૦
જન્મ શતાબ્દિ



૧૦૧
જન્મ શતાબ્દિ

“આજ મને ઉછરંગ અનુપમ જન્મ કૃતાર્થ જોગ જણાયો,
વાસ્તવ્ય વસ્તુ વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.”

“અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ,
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો ! ”

*

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.




## આફ્રિકામાં શ્રીમદ્ રાજચંદ્રની સ્મૃતિ

પૂ. ગુરુદેવના પ્રતાપે ભારતના આધ્યાત્મિક સન્તોનો મહિમા પરદેશમાં પણ પહોંચી રહ્યો છે. આફ્રિકામાં મોમ્બાસામાં ભગવાનજીભાઈએ જે સ્મૃતિગૃહ બંધાવેલ છે તેની એક સાઈડનું ચિત્ર અહીં આપ્યું છે. મોમ્બાસાનું આફ્રિકા સમાચાર નામનું એક ગુજરાતી દૈનિક જેની પચીસ હજાર જેટલી નકલ પ્રસિદ્ધ થાય છે તેમાં લગભગ પાંચ કોલમ ભરીને (તા. ૩-૨-૬૭ના અંકમાં) શ્રીમદ્ રાજચંદ્રનો જીવનપરિચય છપાયો હતો. તેમજ ૨૪-૩-૬૭ના અંકમાં ચારેક કોલમ ભરીને પૂ. શ્રી કાનજી સ્વામીનો જીવનપરિચય આપવામાં આવ્યો હતો. સોનગઢથી દર વર્ષે હજારો રૂા. નું આધ્યાત્મિક સાહિત્ય આફ્રિકા જાય છે, ને ત્યાંના જિજ્ઞાસુઓ ઉત્સાહથી વાંચે છે.

* * * *

## આત્મવૈભવ

✓ આત્મસ્વભાવનો અદ્‌ભુત મહિમા સમજાવતું પુસ્તક..........
✓ પૂ. ગુરુદેવની ભાવભીની પ્રેરણા ઝીલીને તૈયાર થયેલ..........
✓ આ વર્ષનું એક મહત્વપૂર્ણ પ્રકાશન..........
✓ મોટા ટાઈપમાં સુંદર આકર્ષક પ્રિન્ટીંગ..........
✓ દરેક જિજ્ઞાસુને આત્મિક ઉલ્લાસ જગાડનારું..........
✓ લગભગ ચારસો પાનાં છપાઈ ગયા છે..........
  ટૂંક સમયમાં તૈયાર થઈ જશે.

